સુવિચાર

બીજા કોઈપણ સદ્ગુણ કરતાં બીજાની વાત શાંતિથી સાંભળવાનો સદ્ગુણ ઘણા થોડા માણસોમાં નજરે પડે છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)

mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક





રોંગ સાઇડમાં ઘસી આવેલા છોટાહાથીએ રીક્ષા અને સ્કુટરને ઉલાળ્યા; ૪ ઘવાયા P-4



Year-16, Issue-156 ■ DATE : 10-10-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI




# ફિલિપાઇન્સમાં ૭.૬ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ

**ખતરનાક સુનામીની ચેતવણીઃ કોઇ જાનહાનીના સમાચાર નહીંઃ એક અઠવાડીયામાં બીજો તીવ્ર ભૂકંપનો આંચકોઃ લોકો ડરના માર્યા ઘરની બહાર દોડી ગયા**




**મુખ્ય સમાચાર, મનીલા**

આજે ફિલિપાઇન્સના મિંડાનાઓ પ્રદેશમાં એક શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. યુરોપિયન ભૂમધ્ય ભૂકંપશાષીય કેન્દ્ર અનુસાર ભૂકંપની તીવ્રતા ૭.૬ હતી, જેનું કેન્દ્ર ૬૨ કિમીની ઊંડાઈએ હતું. યુએસ સુનામી ચેતવણી પ્રણાલીએ ચેતવણી જારી કરી છે, જેમાં જણાવ્યું છે કે ખતરનાક સુનામી મોજા ભૂકંપના કેન્દ્રથી ૩૦૦ કિમીની અંદરના દરિયાકાંઠે અથડાવી શકે છે. ફિલિપાઇન્સના અધિકારીઓએ લોકોને સતર્ક રહેવા વિનંતી કરી છે. શરૂઆતમાં ભૂકંપની તીવ્રતા ૭.૨ માપવામાં આવી હતી, પરંતુ બાદમાં તે વધારીને ૭.૬ કરવામાં આવી હતી.આ ભૂકંપના પગલે તંત્ર દ્વારા સુનામીની ચેતવણી પણ જારી કરવામાં આવી છે, જેને કારણે લોકો ગભરાટમાં પોતાના ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા.

ફિલિપાઇન્સમાં ૧૦ ઓક્ટોબરના રોજ સ્થાનિક સમય અનુસાર સવારે ૯:૪૩ થી ૧૧:૪૩ વાગ્યાની વચ્ચે ભૂકંપ પછી પ્રથમ સુનામી મોજા આવવાની ધારણા છે. ફિલિપાઇન્સ ઇન્સ્ટિટ્યૂટ ઓફ વોલ્કેનોલોજી એન્ડ સિસ્મોલોજીએ અહેવાલ આપ્યો છે કે આ મોજા કલાકો સુધી ચાલુ રહી શકે છે. તેમાં વધુમાં જણાવાયું છે કે, સ્થાનિક સુનામી ડેટાબેઝના આધારે, આ મોજા સામાન્ય ભરતી કરતાં એક મીટરથી વધુ ઊંચા રહેવાની ધારણા છે. બંધ ખાડીઓ અને સ્ટ્રેટમાં આ ઊંચાઈઓ પણ વધુ હોઈ શકે છે.

સુનામી ચેતવણીને બાદમાં અપગ્રેડ કરવામાં આવી હતી જેથી સૂચવી શકાય કે ફિલિપાઇન્સના દરિયાકાંઠાના ભાગોમાં ત્રણ મીટર ઊંચા મોજા આવી શકે છે, જ્યારે ઇન્ડોનેશિયા અને પલાઉમાં નાના મોજાઓની અપેક્ષા છે. ફિલિપાઇન્સના સમાચાર એજન્સી ફિવોલ્ક્સે મંડાઉ પ્રદેશના દાવાઓ ઓરિએન્ટલના માને સિટીના દરિયાકાંઠાના પાણીમાં જોરદાર ભૂકંપ આવ્યા બાદ નુકસાન અને આફ્ટરશોક્સની ચેતવણી આપી હતી. તાત્કાલિક કોઈ નુકસાન થયું નથી. અધિકારીઓ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી રહ્યા છે.

એક અઠવાડિયામાં ફિલિપાઇન્સમાં આ બીજો મોટો ભૂકંપ છે. ગયા અઠવાડિયે, ફિલિપાઇન્સના સેબુ પ્રાંતમાં ૬.૯ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં ઓછામાં ઓછા ૭૪ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. ભૂકંપે સેન્ટ પીટર ધ એપોસ્ટલના સદીઓ જૂના પેરિશને પણ નાશ કર્યો હતો, જે ધ્રુજારીની અસર હેઠળ તૂટી પડ્યો હતો.

# નોબેલ શાંતિ પુરસ્કારની જાહેરાતના ગણતરીના કલાક પહેલા ટ્રમ્પને રશિયાનું સમર્થન

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

નોબેલ શાંતિ પુરસ્કારની જાહેરાતના ગણતરીના કલાક પહેલાં જ રશિયાએ ટ્રમ્પને સમર્થન જાહેર કર્યું છે. નોબેલ શાંતિ પુરસ્કારની તીવ્ર ઈચ્છા ધરાવતાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે છેલ્લા કેટલાક સમયથી આ પુરસ્કારના હકદાર હોવાની ભલામણ કરી ચૂક્યા છે. આજે બપોરે ૨.૩૦ વાગ્યે નોબેલ શાંતિ પુરસ્કાર ૨૦૨૫ના વિજેતાની જાહેરાત થાય તે પહેલાં જ રશિયાએ તેમની આ ઈચ્છાને સમર્થન આપ્યું છે.



ટ્રમ્પની રશિયા વિરુદ્ધની અડોડાઈ વચ્ચે રશિયાએ સત્તાવાર ધોરણે ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કાર આપવા ભલામણ કરી છે. તેણે સમર્થન આપ્યું છે કે, ટ્રમ્પે યુક્રેન યુદ્ધનો અંત લાવવા અથાગ પ્રયાસો કર્યા છે. યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ પણ ટ્રમ્પને નોબેલ માટે નોમિનેટ કરવાની જાહેરાત કરી છે. તેમણે ગુરુવારે જણાવ્યું હતું કે, જો ટ્રમ્પ યુક્રેન યુદ્ધવિરામ લાવવામાં સફળ રહ્યા તો કિવ તેમને નોબેલ શાંતિ પુરસ્કાર માટે નોમિનેટ કરશે.

સ્થાનિક મીડિયાના અહેવાલ અનુસાર, આજે બપોરે નોબેલ શાંતિ પુરસ્કાર ૨૦૨૫ના વિજેતાની જાહેરાત થશે. વિશ્વના સૌ કોઈની નજર આ પુરસ્કાર પર છે. ટ્રમ્પ પોતે વિશ્વના સાત યુદ્ધ રોકાવ્યા હોવાનો દાવો કરતાં પોતાને શાંતિ પુરસ્કારના હકદાર ગણાવી રહ્યા છે. તેઓ નોબેલ શાંતિ પુરસ્કારને અમેરિકાનું ગૌરવ ગણાવતાં આ પુરસ્કાર પોતાને આપવા ભલામણ કરી રહ્યા છે. ગઈકાલે જ તેમણે નિવેદન આપ્યું હતું કે, મેં વિશ્વમાં સાત યુદ્ધ રોકાવી શાંતિ સ્થાપિત કરી છે. પરંતુ આ લોકો મને તેના માટે નોબેલ શાંતિ પુરસ્કાર આપશે નહીં. બીજી તરફ મોટાભાગના નિષ્ણાતોના મતે પણ તેઓ આ શાંતિ પુરસ્કારના હકદાર ન હોવાનો દાવો થઈ રહ્યો છે.

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સોમનાથ મહાદેવના દર્શન સાથે પૂજા-અર્ચન કર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેશના મહિલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ત્રણ દિવસના ગુજરાત પ્રવાસ દરમિયાન ગઈકાલે અમદાવાદ બાદ રાજકોટ આવી પહોંચતા તેમનું એરપોર્ટ ઉપર ભવ્ય સ્વાગત કર્યા બાદ તેઓ રાજકોટ સરકીટ હાઉસમાં રાત્રી વિશ્રામ કર્યો હતો.

બાદ આજે સવારે રાજકોટથી સોમનાથ જવા હેલીકોપ્ટર મારફત સોમનાથ પહોંચી સોમનાથ મહાદેવના દર્શન સાથે પૂજા-અર્ચન કર્યા બાદ મંદિર પરિસરમાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

સોમનાથના ત્રિવેણી સંગમ નજીક હેલીપેડ ખાતે રાષ્ટ્રપતિનું આગમન થતાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ સોમનાથ મહાદેવ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સોમનાથ મહાદેવ મંદિરના દર્શન બાદ તેઓ સાસણ ગીર ખાતે સિંહ દર્શન માટે રવાના થયા



હતા.સાસણ સદનમાં પણ પોલીસનો લોખંડી બંદોબસ્ત ગોઠવાયો છે.સાસણમાં સાંજે રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ માણ્યા બાદ સાસણ સદનમાં તેઓ રાત્રી વિશ્રામ કરશે.

દરમ્યાન શનિવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ યાત્રાધામ દ્વારકાની મુલાકાતે આવી રહ્યા છે. ત્યારે કલેક્ટર, પ્રાંત, મામલતદાર, પોલીસ, નગરપાલિકા, ફાયર સહિતના વિભાગો સહિત સમગ્ર વહીવટી તંત્રએ દ્વારકામાં રાષ્ટ્રપતિના રૂટ અને જગતમંદિર સહિતના મહત્ત્વના સ્થળો પર સઘન સુરક્ષા વ્યવસ્થા સાથે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

આજે સવારે રીહર્સલ સહિત સમગ્ર વહીવટી તંત્રની તડામાર તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. દ્વારકાના રુક્મિણી મંદિર પાસેના હેલીપેડથી બસ સ્ટેશન રોડ, રબારી ગેઈટ, હોસ્પીટલ રોડ, સર્કિટ હાઉસ, ઈસ્કોન ગેઈટ, સનાતન સેવા મંડલ, હાથી ગેઈટથી જગતમંદિર સુધીના રૂટ પર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત જોવા મળી રહ્યો છે.

જગતમંદિરમાં પૂજારી દ્વારા રાષ્ટ્રપતિના આગમન સમયે વિશેષ શણગાર યોજવામાં આવનાર છે. સમગ્ર રૂટમાં સઘન સફાઈ અભિયાન ચલાવાયું છે અને રોડ રસ્તાના નવીનીકરણ તેમજ ફાયર સેફટી સહિતની સુવિધાઓ સઘન બનાવી દેવામાં આવી છે.

# રાજયમાં ત્રણ વર્ષમાં દુષ્કર્મના ૮૮૪૯ કેસ નોંધાયા

**બળાત્કારના ૩ ટકા આરોપીને સજા નહીંઃ વિવિધ ગુનાના ૮ હજાર આરોપીઓ ફરાર**



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં ૩ વર્ષમાં દુષ્કર્મના ૮૮૪૯ કેસ નોંધાયા છે, એટલે કે દર દિવસે સરેરાશ ૮ દુષ્કર્મના કેસ નોંધાય છે. તાજેતરમાં યોજાયેલા વિધાનસભા સત્રમાં સરકારે આપેલી માહિતી મુજબ જૂન ૨૦૨૨થી મે ૨૦૨૫ સુધી, દુષ્કર્મના કુલ કેસમાંથી ગ્રામીણ વિસ્તારોમાં ૬૦% એટલે કે ૫૩૩૦ અને શહેરી વિસ્તારમાં ૪૦% એટલે કે ૩૫૧૯ કેસ નોંધાયા હતા. એનસીઆરબીના ડેટા મુજબ, ગુજરાતમાં ૩% આરોપીઓને પણ દુષ્કર્મના કેસમાં દોષી ઠરાવવામાં આવ્યા નથી. આ સમયગાળા દરમિયાન ૨૮૮૨ હત્યા એટલે કે રોજ સરેરાશ ૨ કે ૩ હત્યા નોંધાઇ છે. આ ઉપરાંત વિદેશી, બિયર, દેશી દારૂ સંબંધિત ૬.૨૦ લાખ કેસ નોંધાયા હતા. વિવિધ પ્રકારના આઠ ગુનામાં ૭૯૫૩ આરોપીની ધરપકડ કરવાની બાકી છે.

સંસદમાં કેન્દ્ર સરકારે આપેલા એનસીઆરબીના આંકડા મુજબ, ૨૦૧૮થી ૨૦૨૨ દરમિયાન ૫ વર્ષમાં દુષ્કર્મના કેસમાં ૩૮૨૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. જેમાંથી ૯૭(૩% ઓછા)ને દોષી ઠેરાવવામાં આવ્યા હતા. ૩૭૮૩ આરોપીઓ સામે અને ૨૭૬૬ કેસમાંથી ૨૫૭૨માં ચાર્જશીટ ફાઇલ કરવામાં આવી હતી. માત્ર ૭૦૮ કેસમાં ટ્રાયલ પૂર્ણ થયો હતો. માત્ર ૭૯ કેસમાં નિર્ણય આવી શક્યો હતો.

૩ વર્ષ દરમિયાન નશીલા પદાર્થો, દારૂ, જુગાર, લૂંટ, હત્યા, દુષ્કર્મ, છેડતી અને છેતરપિંડીના કેસ વધ્યા છે.જૂન ૨૦૨૨થી મે ૨૦૨૩ દરમિયાન આ મુખ્ય આઠ ગુનાની કુલ સંખ્યા ૨.૨૫ લાખ હતી, જે જૂન ૨૦૨૪થી મે ૨૦૨૫ દરમિયાન વધીને ૨.૩૦ લાખ થઇ હતી. આ દરમિયાન દારૂના સૌથી વધુ ૬.૧૯ લાખ, જુગારના ૫૨ હજાર કેસ નોંધાયા હતા. છેડતીના ૩૩૭૯ અને છેતરપિંડીના ૬૮૩૨ ગુના નોંધાયા હતા.

આ ૩ વર્ષ દરમિયાન ૨૨૫ તાલુકા એવા છે જેમાં કોઇને કોઇ વર્ષે દુષ્કર્મનો કેસ નોંધાયો છે. શહેરી વિસ્તારોમાં ૩૩ જિલ્લાના મુખ્ય શહેરી મથકો સામેલ છે. આ દરમિયાન દારૂ સંબંધિત સૌથી વધુ ૬૧ હજાર કેસ સુરતમાં નોંધાયા હતા.

# જેલમાં રહેલા અન્ડરટ્રાયલ કેદીઓને મતદાનના અધિકાર પ્રશ્ને સુપ્રિમની કેન્દ્ર અને ચૂંટણીપંચને નોટીસ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જેલમાં રહેલા કેદીઓને ચુંટણીઓમાં મતદાનના અધિકાર મુદ્દે આજે સુપ્રીમકોર્ટે ભારત સરકાર તથા ચુંટણીપંચને નોટીસ આપીને અન્ડર ટ્રાયલ તથા અન્ય કેદીઓ કે જેને હજુ સજા થઈ નથી તેને મતદાનનો અધિકાર આપવા માટે શા માટે જેલની અંદર મતદાન મથક ઉભા ન કરાઈ તે અંગે જવાબ આપવા જણાવ્યું છે. ચીફ જસ્ટીસ બી.આર.ગવઈની ખંડપીઠે સુનીતા શર્મા નામના એક ધારાશી કે જે પ્રશાંત ભૂષણ વતી રજુ થયા હતા તેની રીટ પર આ નોટીસ આપી છે. લોકપ્રતિનિધિત્વ ધારા ૧૯૫૧ની કલમ ૬૨(૫) મુજબ કોઈપણ વ્યક્તિ જેલમાં હોય તેને મતદાનનો અધિકાર મળતો નથી પછી તે અન્ડર ટ્રાયલ હોય કે હજુ દોષિત જાહેર ન થયા હોય અને સજા ફટકારવામાં આવી ન હોય તેને પણ મતદાનનો અધિકાર મળતો નથી. સર્વોચ્ચ અદાલત સમક્ષ આ પ્રકારના પુર્ણ પ્રતિબંધને પડકારવામાં આવ્યો છે અને મતદાનનો અધિકાર દરેક નાગરિકને છે અને તે ફકત લોકપ્રતિનિધિત્વ ધારાની એક કલમથી છીનવી શકાય નહી. જેથી સુપ્રીમકોર્ટ સમક્ષ થયેલી અરજીમાં અન્ડર ટ્રાયલ સહિતના કેદીઓ કે જેને સજા જાહેર થઈ નથી તેમને પોસ્ટલ બેલેટથી કે જેલની અંદર મતદાન મથક ઉભુ કરીને મતદાનનો અધિકાર આપવા માંગણી થતા જ સર્વોચ્ચ અદાલતે આ અંગે કેન્દ્ર સરકારને નોટીસ ફટકારી છે.

# જીએસટી નંબર રદ થયો હોય તેમ છતાં વેપાર કરનાર સામે લાલ આંખ

**મુખ્ય સમાચાર, મુંબઇ**

જીએસટી નંબર બંધ થઈ ગયો હોય, છેલ્લા છ મહિનાથી જીએસટી રીટર્ન ભરવામાં આવ્યું નહીં હોવા છતાં ખોટી રીતે વેપાર કરતા હોય તેવા વેપારીઓને ઝડપી પાડવા માટેનુ અભિયાન શરુ કરવામાં આવ્યું છે. તે માટેની વિગતો પણ ઇન્ટેલિજન્સ યુનિટ દ્વારા જીએસટી વિભાગના અધિકારીઓને આપવામાં આવી છે. તે આધારે સેન્ટ્રલ અને સ્ટેટ જીએસટીના અધિકારીઓએ તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. જોકે આ વિગતો ત્રણેક મહિના પહેલા વિભાગને સોંપવામાં આવી હતી. ત્યાર બાદ તેઓ દ્વારા આવા તમામ સ્થળો પર ઉલટ તપાસ કરતા અનેક વેપારીઓ વેપાર કરતા હોવાનુ ધ્યાને આવતા હવે જીએસટી વિભાગે તપાસનો દોર શરુ કર્યો હોવાની વિગતો જાણવા મળી છે. જોકે દિવાળી પહેલા આ કાર્યવાહી કરવામાં આવતા વેપારીઓમાં ફફડાટ ચોક્કસ પણે વ્યાપી જવા પામ્યો છે.



વેપારીઓ સમયસર જીએસટી રીટર્ન નહીં ભરે તો ત્રણ મહિના પછી તેઓનો જીએસટી નંબર બંધ કરી દેવામાં આવે છે. તે ઉપરાંત કેટલાક વેપારીઓએ સામેથી જીએસટી નંબર બંધ કરાવી દીધો હોય છે. તેમ છતાં આવા વેપારીઓ જીએસટી ચોરી કરીને પણ વેપાર કરતા હોય છે. હવે જીએસટી વિભાગ દ્વારા આવા વેપારીઓને શોધીને તેઓ સામે કાર્યવાહી કરવા માટે કવાયત હાથ ધરી છે. તે અંતર્ગત સેન્ટ્રલ અને સ્ટેટ જીએસટી વિભાગના અધિકારીઓએ તપાસ શરુ કરીને જીએસટી ચોરી પકડી પાડવામાં સારી એવી સફળતા પણ મળી રહી છે.

જીએસટી નંબર બંધ હોવા છતાં વેપાર કરનારાઓની વિગતો આવ્યા બાદ જીએસટીના અધિકારીઓ સ્થળ તપાસ કરતા હોય છે. તેમાં જીએસટી નંબર લીધો તે વખતે રજુ કરવામાં આવેલું વેપારનુ સ્થળ, ગોડાઉન, ઓફિસ સહિતની જગ્યા પર રુબરુ જઇને તેઓ દ્વારા વેપાર કરવામાં આવે છે કે કેમ તેની જાણકારી મેળવતા હોય છે. તે ઉપરાંત તે જગ્યા પર વાહનોની અવર જવર હોય અને માલ આવતો જતો હોય તો તેની પણ વિગતો અધિકારી એકત્ર કરતા હોય છે. ત્યાર બાદ તપાસ કરવામાં આવતી હોય છે. કારણ કે જીએસટી અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવે ત્યારે નાની સરખી પણ ભુલ રહી નહીં જાય તે માટે અગોતરુ આયોજન પહેલેથી જ કરી દેવામાં આવતું હોય છે.

# તાલીબાની સરકારના વિદેશમંત્રીની ભારતની મુલાકાત સમયે જ પાક.ની અફઘાનીસ્તાન પર એરસ્ટ્રાઇક

**મુખ્ય સમાચાર, કાબુલ**

અફઘાનીસ્તાનની તાલીબાની સરકારના વિદેશમંત્રી અમીરખાન મુતાકી ભારતના ઐતિહાસિક પ્રવાસે આવ્યા છે તેવા સમયે જ પાકિસ્તાને જ અફઘાનના પાટનગર કાબુલમાં એરસ્ટ્રાઈક કરતા ખળભળાટ સર્જાયો છે. બન્ને દેશો વચ્ચે તંગદીલી વકરવાના એંધાણ છે. એરસ્ટ્રાઈકમાં કાબુલ બોંબધડાકાઓથી ધણધણી ઉઠયુ હતું.

સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, પાકિસ્તાન વાયુસેના દ્વારા કથિત હવાઈ હુમલાને કારણે વિસ્ફોટ થયા હતા. પાકિસ્તાની ચેનલોએ દાવો કર્યો હતો કે, હુમલાઓ તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન () ઠેકાણાઓને નિશાન બનાવીને કરવામાં આવ્યા હતા.

આ ઘટના એવા સમયે બની છે જ્યારે તાલિબાનના વિદેશ પ્રધાન મૌલવી અમીર ખાન



મુત્તાકી ભારતની મુલાકાતે છે. મુત્તાકીની મુલાકાતને નવી અફઘાન સરકાર અને ભારત વચ્ચે વાતચીત તરફ એક મહત્વપૂર્ણ પહેલ માનવામાં આવી રહી છે. કાર્યકારી તાલિબાન વહીવટના મુખ્ય પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે જણાવ્યું હતું કે તપાસ શરૂ કરવામાં આવી છે.

પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે તાજેતરમાં ચેતવણી આપી હતી કે, જો અફઘાનિસ્તાનની ધરતીનો ઉપયોગ પાકિસ્તાન વિરોધી આતંકવાદી પ્રવૃત્તિઓ માટે કરવામાં આવશે તો ‘‘કડક કાર્યવાહી‘‘ કરવામાં આવશે.

આ કથિત હવાઈ હુમલો તેના થોડા દિવસો પછી જ કરવામાં આવ્યો છે. કતારમાં તાલિબાનના રાજદૂત મુહમ્મદ સુહેલ શાહીનએ એક નિવેદન બહાર પાડીને કહ્યું હતું કે, ‘‘કાબુલમાં બે વિસ્ફોટ સાંભળવામાં આવ્યા હતા, પરંતુ હજુ સુધી કોઈ જાનહાનિ થઈ નથી.‘‘

પાકિસ્તાની મીડિયાએ દાવો કર્યો હતો કે, હુમલામાં TTP વડા નૂર વલી મહેમૂદનું મોત થયું છે. અફઘાન મીડિયા અનુસાર, હુમલા પછી, TTP વડા નૂર વલી મહેમૂદનો એક ઓડિયો રેકોર્ડિંગ સામે આવ્યું હતું જેમાં તેમણે જીવિત હોવાનો દાવો કર્યો હતો અને પાકિસ્તાન પર ‘‘ખોટો પ્રચાર‘‘ ફેલાવવાનો આરોપ લગાવ્યો હતો.

# સાત વર્ષ વકીલાત કરી ચૂકેલા ન્યાયિક અધિકારી અપર જીલ્લા જજ બની શકે છેઃ સુપ્રિમ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રિમ કોર્ટે ગુરૂવારે મહત્વપૂર્ણ ફેસલામાં કહ્યું હતું કે જે ૭ વર્ષોની વકીલાત પુરી કરી ચૂકેલા ન્યાયિક અધિકારી બારકોટા અંતર્ગત જિલ્લા જન/અપર જીલ્લા જજ બની શકે છે. બંધારણીય બેન્ચે પોતાના ફેસલામાં સ્પષ્ટ કરી દીધુ હતું કે જીલ્લા જજના પદ પર સીધી ભરતી માટે નિર્ધારીત ૨૫ ટકા કોટા માત્ર બાર ઉમેદવાર માટે નથી.

દેશના મુખ્ય ન્યાયાધીશ બી.આર.ગવઈની આગેવાનીવાળી પાંચ જજોની બંધારણીય બેન્ચે સહમતીવાળા બે અલગ અલગ



ફેસલા પસાર કર્યા.સી.જે.આઈ ગવઈએ ફેસલો સંભળાવતા કહ્યું હતું કે અધિનસ્થ ન્યાયીક સેવાઓમાં ભરતી થતા પહેલા બારમાં ૭ વર્ષનો કાર્યકાળ પુરો કરી ચુકેલા ન્યાયીક અધિકારી સીધી ભરતી પ્રક્રિયા અંતર્ગત જીલ્લા જજના પદ પર નિયુકિતનાં પાત્ર છે.

ફેસલામાં કહેવામાં આવ્યું હતું કે જીલ્લા જજ બનવાની પાત્રતા આવેદન તિથિ અનુસાર જોવામાં આવશે. સાથે સાથે સમાન અવસર નિશ્ચિત કરવા માટે પીઠે જણાવ્યું હતું કે જીલ્લા જજની સીધી ભરતી માટે ઉમેદવારોની ન્યુનતમ વય ૩૫ વર્ષથી ઓછી ન હોવી જોઈએ.

સુપ્રિમ કોર્ટઃ સુપ્રિમ કોર્ટે મહત્વપૂર્ણ ફેસલામાં કહ્યું હતું કે એક ન્યાયિક અધિકારી દ્વારા પ્રાપ્ત અનુભવ એક વકીલની તુલનામાં વધુ હોય છે. પીઠે કહ્યું હતું કે ન્યાયિક અધિકારીઓ દ્વારા જજ તરીકે કાર્ય કરતાં મળેલ અનુભવ, એક વ્યકિત દ્વારા વકીલ તરીકે કાર્ય કરતાં અનુભવથી ઘણો વધુ હોય છે. બંધારણીય પીઠે કહ્યું હતું કે બધા રાજયો, હાઈકોર્ટનાં માટે નિયમ બનાવે.

# ગુજરાત SGST વિભાગે જામનગરના CA અલ્કેશ પેઢડીયા દ્વારા સંચાલિત ૫૬૦ કરોડના બોગસ બિલિંગ રેકેટનો કર્યો પર્દાફાશ: ૧૧૨ કરોડની કરચોરી પકડાઇ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત રાજ્ય માલ અને સેવા કર (SGST) વિભાગે જામનગરના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અલ્કેશ પેઢડીયા દ્વારા વિશાળ બોગસ બિલિંગ નેટવર્ક મારફતે કરવામાં આવેલ ૧૦૦ કરોડથી વધુની કરચોરીનો પર્દાફાશ કર્યો છે.

ખાનગી માહિતીના આધારે તેમજ સતત દેખરેખ પછી, વિભાગ દ્વારા ૩ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ રાજ્યભરમાં કુલ ૨૫ સ્થળોએ એકસાથે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યા હતા, જેમાં મુખ્ય આરોપી ભાગીદાર છે તે BRAHM Associates નામની CA ફર્મની ઓફિસ તેમજ તેના રહેઠાણનો સમાવેશ થાય છે. આ કાર્યવાહી ગુજરાત માલ અને સેવા કર અધિનિયમ, ૨૦૧૭ની જોગવાઈઓ મુજબ રાજ્યની વિવિધ GST કચેરીઓમાંથી બનાવેલ ૨૭ ટીમો દ્વારા હાથ ધરવામાં આવેલ હતી.

અત્યાર સુધીની તપાસમાં ૧૪ બોગસ (Non-Genuine Taxpayer - NGTP) પેઢીઓની સંડોવણી બહાર આવી છે, જેઓ માલની ફીઝીકલ મુવમેન્ટ વિના ફક્ત ઈન્વોઈસ બનાવીને ખોટી રીતે ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) નો દાવો કરતા હતા. પ્રારંભિક તપાસ અને તપાસ સંબંધિત પેઢીઓના માલિકોના નિવેદનોમાં એ સ્પષ્ટ થયું છે કે, આવી અનેક પેઢીઓ CA અલ્કેશ પેઢડીયા દ્વારા ચલાવવામાં આવતી હતી. વધુમાં, કેટલાક કેસોમાં, ખરેખર અસ્તિત્વ ધરાવતા કરદાતાઓના GSTIN ક્રેડેન્શિયલ્સનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો. આવા કરદાતાઓએ તપાસ દરમિયાન જણાવ્યું છે કે તેઓ CA અલ્કેશ પેઢડીયા દ્વારા GST Compliance Servicesના બહાને વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ભોગ બન્યા છે અને તેઓએ પોલીસ ફરિયાદ (FIR) નોંધાવવાનો નિર્ણય કરેલ છે.

તપાસ દરમ્યાન અધિકારીઓએ દ્વારા જેમાં ખોટા ઇન્વોઇસ અને નાણાકીય રેકોર્ડમાં ગેરરીતિના પુરાવા મળ્યા છે, તેવા કેટલાક દસ્તાવેજો, કમ્પ્યુટર અને અન્ય ડિજિટલ સ્ટોરેજ ડીવાઈસીસ જપ્ત કરવામાં આવેલ છે. પ્રાથમિક વિશ્લેષણમાં વિવિધ બેંક ખાતાઓ મારફતે નાણાકીય વ્યવહારોના અનેક લેયર જોવા મળ્યા છે, જે ખુબ જટિલ ફંડ ડાયવર્ઝન મિકેનિઝમ તરફ ઈશારો કરે છે.

કેટલીક પેઢીઓએ વિભાગ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ વેરાકીય જવાબદારીનો સ્વીકાર કરી લાગુ પડતા વ્યાજ તથા દંડ સાથે રકમ ભરપાઇ કરવાની બાહેંધરી આપેલ છે.

**કેસના મુખ્ય તારણો અને અપડેટ્સ**

**બોગસ ટ્રાન્ઝેક્શન:** ૫૬૦ કરોડના બોગસ વ્યવહારોની ઓળખ, જેમાં અંદાજિત ૧૧૨ કરોડની કરચોરી.

**ITC બ્લોકેજ અને એકાઉન્ટ ફ્રીઝિંગ:** મળવાપાત્ર ન હોય તેવી ૪.૬૨ કરોડની ITC બ્લોક કરી; બેંક ખાતાઓ ફ્રીઝ ૧ કરોડથી વધુની રકમ સુરક્ષિત કરી.

**મિલકતો પર ટાંચ:** સરકારી આવકના રક્ષણ માટે આશરે ૩૬ કરોડની સ્થાવર અને જંગમ મિલકતો પર તાત્કાલિક ધોરણે ટાંચ મુકવામાં આવી છે.

**વેરાની વસુલાત:** કેટલીક પેઢીઓએ વિભાગ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ વેરાકીય જવાબદારીનો સ્વીકાર કરી લાગુ પડતા વ્યાજ તથા દંડ સાથે રકમ ભરપાઇ કરવાની બાહેંધરી આપેલ છે.

**કાયદાકીય કાર્યવાહી:** તપાસ હેઠળના ૨૫ કરદાતાઓમાંથી ૧૪ બોગસ પેઢીઓ (NGTP) હોવાનું જણાયું છે; સરકારી આવકના રક્ષણ માટે આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે.

**અન્ય મહત્વપૂર્ણ પગલાં:** મુખ્ય આરોપી CA અલ્કેશ પેઢડીયા અનેક સમન્સ આપવા છતાં, તપાસ અધિકારીઓ સમક્ષ હાજર થયેલ નથી, જેના ધ્યાને લેતા તે દેશ છોડીને ભાગી ન જાય તે માટે લુક આઉટ સર્ક્યુલર (LOC) પણ ઇસ્યુ કરવામાં આવેલ છે. તેને હાજર કરવા માટે તમામ પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે.

ગુજરાત SGST વિભાગ બોગસ ઇન્વૉઇસિંગ, ખોટા ITC દાવા તથા GST નોંધણીના દુરુપયોગ જેવી ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે તેની ''Zero-tolerance'' ની નીતિ પર અડગ છે. વિભાગ આવા તમામ વ્યક્તિઓ, વ્યાવસાયિકો તથા વ્યવસાયિક સંસ્થાઓ વિરુદ્ધ કડક કાયદાકીય કાર્યવાહી કરશે, જેમાં કાયદેસરની કાર્યવાહી , ભારે દંડ લાદવો તથા મિલકતો પર ટાંચ જેવી કાર્યવાહીનો સમાવેશ થાય છે.

# જામનગરના ટાઉનહોલ ખાતે પોષણ ઉત્સવની ઉજવણી કરાઈ

## મિલેટ્સ વાનગી સ્પર્ધાનું આયોજન કરી પોષણ સ્તરમાં સુધારો થયો હોય તેવા બાળકો અને તેઓના વાલીઓને સન્માનિત કરાયાં



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ટાઉનહોલ ખાતે પ્રાદેશિક કચેરી આઈ.સી.ડી.એસ. દ્વારા પોષણ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી.જિલ્લા પંચાયત ઉપપ્રમુખ હસમુખભાઈ કણઝારીયાના સંયુક્ત અધ્યક્ષસ્થાને આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન પોષણ જાગૃતિને લગતી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન થયું હતું. જેમાં ટેક હોમ રાશન તથા મિલેટ્સ વાનગી સ્પર્ધા યોજવામાં આવી હતી. પોષણ સંગમ કાર્યક્રમ અંતર્ગત જે બાળકોના પોષણ સ્તરમાં સુધારો થયો છે, તેવા બાળકો અને તેઓના વાલીઓનું સન્માન કરી તેમના પ્રયાસોને બિરદાવવામાં આવ્યા હતા. અંતમાં, ઉપસ્થિત સૌ મહાનુભાવો અને નાગરિકોને પોષણ શપથ લેવડાવવામા આવ્યા હતા.આ પ્રસંગે, મ્યુનિસિપલ કમિશ્નર ડી. એન. મોદી, મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન ભાવનાબેન ભેંસદડિયા, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ગોમતીબેન ચાવડા, ડેપ્યુટી કમિશ્નર.ડી. એ. ઝાલા, પૂર્વ મેયર અને શહેર ભાજપ અધ્યક્ષ બીનાબેન કોઠારી, રાજકોટ ઝોનના વિભાગીય નાયબ નિયામક પૂર્વીબેન પંચાલ તથા પ્રોગ્રામ ઓફિસર, સી.ડી.પી.ઓ. તેમજ બહોળી સંખ્યામાં મુખ્ય સેવિકાઓ વગેરે ઉપસ્થિતરહ્યા હતા.

# જામનગર એમ. પી. શાહ મેડિકલ કોલેજમાં યોજાયેલ 'યુથ એમ્પાવરમેન્ટ' સેમિનારમાં ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓએ મેળવ્યું આરોગ્યલક્ષી માર્ગદર્શન





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સેમિનારમાં પ્રખ્યાત વક્તાઓએ આરોગ્યના ત્રણ પાયાના વિષયો પોષણ, પાંડુરોગ નિયંત્રણ તથા કિશોર શિક્ષણ અને આરોગ્ય અંગે વિસ્તૃત જાણકારી આપી.જામનગર એમ. પી. શાહ સરકારી મેડિકલ કોલેજ, જામનગર દ્વારા 'યુથ એમ્પાવરમેન્ટ' વિષય પર પ્રેરક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં મેડિકલ, ડેન્ટલ, ફિઝિયોથેરાપી અને નર્સિંગ કોલેજના ૬૦૦થી વધુ ફેકલ્ટી સભ્યો તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને આરોગ્યલક્ષી માર્ગદર્શન મેળવ્યું હતું.આરોગ્ય સંબંધિત ક્ષેત્રોમાં જ્ઞાન અને જાગૃતિ દ્વારા યુવાનો કેવી રીતે સમાજ અને પોતાની જાતને સશક્ત બનાવી શકે તે બાબતે ધ્યાન કેન્દ્રિત કરતા આ સેમિનારમાં પ્રખ્યાત વક્તાઓએ આરોગ્યના ત્રણ પાયાના વિષયો પર ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું.જેમાં ડો. રોહિત રામે સારા પોષણ અને તેના મહત્વ વિશે માહિ-તી આપી, ડો. તેજલ મકવાણાએ પાંડુરોગ નિયંત્રણના મહત્વ પર ભાર મૂક્યો જ્યારે ડો. હેમાંગીની ખરાડીએ કિશોર શિક્ષણ અને આરોગ્ય અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.આ ઈન્ટરએક્ટિવ સેમિનાર દ્વારા વિદ્યાર્થીઓએ ઉપયોગી જાણકારી મેળવી અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા તેમજ સાર્વજનિક આરોગ્યમાં સક્રિય ભૂમિકા નિભાવવાની પ્રેરણા મેળવી હતી.કાર્યક્રમમાં હાજર રહેલા સહભાગીઓએ આ પહેલની ઉષ્માભરી પ્રશંસા કરી અને જણાવ્યું કે આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓમાં સમાજ પ્રત્યે નૈતિક જવાબદારીની ભાવના જાગૃત કરે છે તથા હેલ્ધી અને સશક્ત ભવિષ્ય માટે યોગદાન આપવાની પ્રેરણા આપે છે. આયોજક ટીમે સેમિનારની સફળતા પર સંતોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ સેમિનાર અત્યંત સફળ રહ્યો હતો અને ઉપસ્થિતોને જ્ઞાન અને ક્રિયાશ-ીલતા દ્વારા સમુદાયને સશક્ત બનાવવાની દિશામાં પ્રેરણા આપી હતી.

# જામનગર જીલ્લામાં છેલ્લા આઠ વર્ષમાં ૧૯૬૨ સેવાએ ૩૮ હજારથી વધુ ઈજાગ્રસ્ત અને બીમાર પશુ-પક્ષીઓને નવજીવન બક્ષ્યું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ૧૯૬૨ એમ્બ્યુલન્સે ૩૮ હજારથી વધુ પશુ-પક્ષીઓને બચાવ્યા. નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો ત્યારથી વિકાસનો એક નવો યુગ શરૂ થયો. તેમના દૂરંદેશી નેતૃત્વ અને સુશાસનના સંકલ્પથી ગુજરાતે પ્રગતિની નવી ઊંચાઈઓ હાંસલ કરી, અને આજે આ ગૌરવશાળી વિકાસયાત્રા ૨૫માં વર્ષમાં પ્રવેશી રહી છે. વડાપ્રધાનના ''વિકસિત ભારત @ 2047''ના વિઝનને સાકાર કરવા માટે ''વિકસિત ગુજરાત'' એ મુખ્ય આધારસ્તંભ છે, અને આ સપનાની સિદ્ધિ માટે રાજ્યના તમામ નાગરિકોની સાથે પશુધનનું સ્વસ્થ હોવું એ પાયાની જરૂરિયાત છે.'સ્વસ્થ ગુજરાત'નું નિર્માણ એ માત્ર માનવ આરોગ્યની વિચારધારા નથી, પરંતુ આર્થિક સમૃદ્ધિ અને ટકાઉ વિકાસનો મજબૂત આધારસ્તંભ છે.આ સંકલ્પને સાકાર કરવા માટે ગુજરાત સરકારે માનવ અને પશુ આરોગ્ય બંને ક્ષેત્રે નોંધપાત્ર કાર્ય કર્યું છે. જેના ઉત્કૃષ્ટ ઉદાહરણરૂપે, જામનગર જિલ્લામાં ૧૯૬૨ એનિમલ એમ્બ્યુલન્સે છેલ્લા આઠ વર્ષમાં ૩૮ હજારથી વધુ પશુ-પક્ષીઓની સારવાર કરીને પશુધનની સુરક્ષા અને સંવર્ધનમાં અદમ્ય યોગદાન આપ્યું છે, જે કરુણા અને કલ્યાણ પર આધારિત વિકાસની નીતિનું પ્રતિબિંબ છે.

જામનગર જિલ્લામાં ગુજરાત સરકારનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ 'કરુણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨' મૂંગા પશુ-પક્ષીઓ માટે દેવદૂત સમાન સાબિત થયો છે. તારીખ ૬ ઓક્ટોબર, ૨૦૧૭થી રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલી આ સેવાએ તાજેતરમાં સફળતાપૂર્વક આઠ વર્ષ પૂર્ણ કર્યા છે. EMRI GHS અને પશુપાલન વિભાગના સંયુક્ત ઉપક્રમે કાર્યરત આ સેવાએ આઠ વર્ષના ગાળામાં જામનગર જિલ્લામાં કુલ ૩૮,૧૮૮ ઈજાગ્રસ્ત અને બીમાર પશુ-પક્ષીઓની સ્થળ પર જ તાત્કાલિક સારવાર આપી નવજીવન બક્ષ્યું છે.જામનગર શહેર માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહેલી આ સેવાએ છેલ્લા આઠ વર્ષમાં કુલ ૩૮,૧૮૮ પશુ-પક્ષીઓની નિશુલ્ક સારવાર કરી છે, જેમાં ૨૫,૫૫૫ શ્વાન, ૯,૧૦૫ ગાય, ૭,૪૨૫ બિલાડી, કબૂતર સહિત સુરખાબ, ચકલી, પોપટ, બકરી, કાગડા, સસલા અને ઊંટ જેવા વિવિધ જીવોનો સમાવેશ થાય છે. કરુણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ની દરેક વાન તમામ દવાઓ અને અદ્યતન સાધનસામગ્રીથી સજ્જ છે, જેમાં એક તાલીમબદ્ધ વેટરનરી ઓફિસર અને એક પાયલોટ હાજર હોય છે. કરુણા પ્રોજેક્ટના આઠ વર્ષ પૂર્ણ થતા આ પ્રસંગે વિવિધલક્ષી પશુ ચિકિત્સાલયના નાયબ પશુપાલન નિયામક ડો.અનિલ વિરાણી, એડીઆઈઓ ડો. ચિરાગ ભંડેરી તેમજ વેટરનરી પોલીસ ક્લિનિક સ્ટાફના સભ્યો, કરુણાના ડો. જીગરભાઈ કાણે અને પાયલોટ ભગવાનભાઈ, તથા EMRI ગ્રીન હેલ્થ સર્વિસમાંથી ૧૯૬૨ અને MVDUના કોર્ડીનેટર ચિંતનભાઈ પંચાલની હાજરીમાં સ્ટાફ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

કરુણા એનિમલ એમ્બ્યુલન્સના પ્રોગ્રામ મેનેજર ડો. મોહમ્મદ સોયબ ખાન દ્વારા નગરના લોકોને શહેરના કોઈ પણ સ્થળે ઈજાગ્રસ્ત કે બીમાર હાલતમાં પશુ-પક્ષી જોવા મળે તો તુરંત જ ૧૯૬૨ હેલ્પલાઇન નંબર પર ફોન કરી આ સરકારી વિનામૂલ્યે સેવાનો લાભ લેવા અને મૂંગા જીવોને મદદરૂપ થવા અનુરોધ કરાયો છે.

# મકાનમાં જામેલા જુગાર પર પોલીસનો દરોડો: પાંચ પત્તાપ્રેમી ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના વૃંદાવન પાર્કમાં એક મકાનમાં રમાતા જુગાર પર ગઈરાત્રે પોલીસે દરોડો પાડી જુગાર રમતા ચાર અને નાલ ઉઘરાવી જુગાર રમાડતા એકની અટકાયત કરી રૂ.૨૦૭૫૦ કબજે કર્યા છે. પડાણા પાટીયા પાસે ઈંટના ભઠ્ઠાની પાછળથી એક મહિલા સહિત પાંચ તીનપત્તી રમતા મળી આવ્યા છે.

જામનગરના વૃંદાવન પાર્ક વિસ્તારમાં એક શખ્સના મકાનમાં ગંજીપાનાથી જુગાર રમાતો હોવાની બાતમી પરથી સિટી એ ડિવિઝનના સર્વેલન્સ સ્ટાફે કાલિંદી સ્કૂલ પાછળ વૃંદાવન પાર્કમાં જીગ્નેશ જમનભાઈ રાઠોડના મકાનમાં દરોડો પાડ્યો હતો.તે મકાનમાં નાલ આપી ગંજીપાનાથી જુગાર રમતા અશોકભારથી રમણીકભારથી ગોસ્વામી, વિવેક મુકેશભાઈ ખાખરીયા, રાહુલ રમેશભાઈ ખરા, રીઝવાન ફીરોઝભાઈ જસાણી નામના ચાર શખ્સ મળી આવ્યા હતા. પોલીસે પટમાંથી રૂ.૨૦૭૫૦ રોકડા તથા ગંજીપાના કબજે કરી પાંચેય સામે જુગારધારાની કલમ ૪, ૫ હેઠળ ગુન્હો નોંધ્યો છે.લાલપુર તાલુકાના પડાણા ગામના પાટીયા પાસે જાહેરમાં ગંજીપાનાથી જુગાર રમતા સગુણાબેન પ્રવીણભાઈ ખાંડેખા, દિલીપભાઈ દેવાભાઈ મુછડીયા, દુદાભાઈ ભીખાભાઈ પરમાર, લાખાભાઈ હમીરભાઈ મકવાણા, ચનાભાઈ હીરાભાઈ મકવાણા નામના પાંચ વ્યક્તિ મળી આવ્યા હતા. પટમાંથી રૂ.૩૧૭૦ કબજે કરાયા છે.

# જામનગરમાં આગામી તા.૧૩ના રોજ આઈ.ટી.આઈ. ખાતે એપ્રેન્ટીસ ભરતીમેળો યોજાશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઇટીઆઇ), જામનગર દ્વારા એપ્રેન્ટીસશીપ કરવા માંગતા યુવાનો માટે આગામી તા-૧૩/૧૦/૨૦૨૫, સોમવારના રોજ એપ્રેન્ટીસ ભરતીમેળાનું આયોજન કરવામાં આવેલ છે. આ ભરતીમેળામાં મોટી સંખ્યામાં વિવિધ ખાનગી ક્ષેત્રના નોકરીદાતાઓ હાજર રહેવાના છે અને આ નોકરીદાતાઓ દ્વારા સ્થળ પર જ ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. આ ભરતીમેળામાં હાજર રહેવા માંગતા ઉમેદવારોએ સવારે ૧૦ કલાકે આઈ.ટી.આઈ. કેમ્પસ, જામનગરના સેમિનાર હોલ, ચોથો માળ ખાતે હાજર રહેવા જણાવવામાં આવે છે. ઉમેદવારોએ તેમની પસંદગી પ્રક્રિયામાં સરળતા રહે તે માટે બાયો ડેટા, શૈક્ષણિક તેમજ અનુભવની લાયકાત અંગેના પ્રમાણપત્રોની નકલ તેમજ ફોટોગ્રાફ સાથે અચૂક હાજર રહેવા તેમજ જામનગરના તમામ યુવાનોને આ તકનો લાભ લેવા માટે આચાર્ય જામનગર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# હળવદ સ્મશાનમાં પાણી પુરવઠો બંધ: શોકાકુલ પરિવારો મુશ્કેલીમાં, નગરપાલિકા નિષ્ક્રિય!

**મુખ્ય સમાચાર, હળવદ**
**અહેવાલ - રમેશ ઠાકોર**

હળવદ શહેરના સ્મશાન ગ્રહમાં છેલ્લા ત્રણ દિવસથી પાણી સપ્લાય બંધ હોવાને કારણે શોકાકુલ પરિવ-ારોને ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. દાહક્રિયા બાદ ડાઘુઓને નાહવા માટે હળવદ નગરપાલિકાએ વ્યવસ્થા તો ઉભી કરી છે, પરંતુ પાણી ન આવવાથી એ વ્યવસ્થા માત્ર નામમાત્ર રહી ગઈ છે.

સ્થળ પરની તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે સ્મશાન ગ્રહની ઉપરની પાણીની ટાંકી તૂટી જવાને કારણે પાણી પુરવઠો બંધ છે. નગરપાલિકાના અધિકારીઓએ રીપેરીંગ માટે કામદારો આવવાના હોવાનું જણાવ્યું હતું, પરંતુ ત્રણ દિવસ વીતી ગયા છતાં કોઈ કાર્યવાહી શરૂ કરવામાં આવી નથી.

આ દરમ્યાન ઠાકોર સમાજ સહિત અનેક પરિવારોમાં સતત ત્રણ દિવસથી રોજ સ્મશાનયાત્રા નીકળે છે. પાણીના અભાવે શોકાકુલ પરિવ-ારોને અતિ કષ્ટભરી પરિસ્થિતિનો સામનો કરવો પડે છે.

સ્થાનિક નાગરિકોએ પ્રશ્ન ઉઠાવ્યો છે કે ''શું નગરપાલિકા હજી એક સ્મશાનયાત્રાની રાહ જોઈ રહી છે?''

સ્થાનિક સમાજ અને નાગરિકોએ તાત્કાલિક રીપેરીંગ કામ પૂર્ણ કરી પાણી પુરવઠો ચાલુ કરવાની માંગ કરી છે. માનવતાના આ પ્રશ્નમાં નગરપાલિકા તંત્રે તાત્કાલિક પગલા લેવા જરૂરી છે.

# રૈયા, નાના મૌવા તેમજ ગ્રામ્યમાં છ આસામીઓ સામે શરતભંગના પગલાં

## જિલ્લા કલેકટર દ્વારા રેહણાંકને બદલે વાણિજ્ય ઉપયોગ મામલે ૩.૬૯ લાખનો દંડ ફટકાર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેર-જિલ્લામાં બિનખેતી શરતભંગ મામલે જિલ્લા કલેકટર દ્વારા ઝુંબેશરૂપે કામગીરી કરવામાં આવી રહી છે જેમાં અગાઉ પાર્ટીપ્લોટ તેમજ સ્વામિનારાયણ સંસ્થા સંચાલિત પ્રેમવતી રેસ્ટોરન્ટ સામે ધડાધડ પગલાં લેવામાં આવ્યા બાદ વધુ છ કેસમાં રાજકોટના રૈયા, નાના મૌવા, જસદણ, જેતપુર અને લોધિકાના છ કિસ્સામાં રહેણાંકને બદલે વાણિજ્ય ઉપયોગ સબબ છ આસામીઓને ૩.૬૯ લાખથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

આ અંગેની વિગતો મુજબ રાજકોટ જિલ્લા કલેકટર કચેરીની બિનખેતી શરતભંગ શાખા દ્વારા બિનખેતી શરતભંગ અંગેના અલગ અલગ છ કિસ્સામાં રેહણાંકને બદલે વાણિજ્ય કે ઔદ્યોગિક ઉપયોગ સબબ કાર્યવાહી કરી ૩,૬૯,૨૦૦ રૂપિયા દંડ ફટકારવામાં આવ્યો હતો. જેમાં લોધિકાના કાંગશીયાળી ગામે ૭૫૬૨.૭૫ જમીનની રહેણાંક હેતુની બિનખેતી હોવા છતાં કોમર્શિયલ ઉપયોગ સબબ ૧,૯૬,૬૪૭નુ દંડ ફટકારવામાં આવ્યો હતો.એ જ રીતે જેતપુરના ચાંપરાજપુર, અને જસદણમાં પણ શરતભંગ સબબ દંડ ફટકારવામાં આવ્યા હતા.

આ ઉપરાંત રાજકોટ શહેરના પશ્ચિમ મામલતદાર વિસ્તારમાં રૈયા-રમાં રહેણાંક હેતુની જમીનનો વાણિજ્ય ઉપયોગ કરનાર આસામીને ૭૨,૯૬૦ દંડ ફટકારવામાં આવ્યો હતો તેમજ રાજકોટના મવા વિસ્તારમાં ૨૦૩.૧૦ ચોરસ મીટર જમીન રહેણાંક હેતુ માટે બિનખેતી થઈ હોવા છતાં અહીં વાણિજ્ય હેતુનો ઉપયોગ કરવામાં આવતો હોવાથી જિલ્લા કલેકટર દ્વારા શરતભંગ સબબ રૂપિયા ૫૩,૨૦૦ દંડ ફટકારવામાં આવ્યો હતો.

# શિવશક્તિ પાર્કમાં રમતા-રમતા છત પરથી પટકાતાં ત્રણ વર્ષની બાળકીનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા સોલવન્ટમાં શિવશક્તિ પાર્કમાં ત્રણ વર્ષની બાળકો છત પર રમી રહી હોય ત્યારે અચાનક તે ત્યાંથી પટકાતાં ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. અહીં ૨ દિવસની સારવાર બાદ તેણીએ દમ તોડી દીધો હતો. આ અંગેની વિગતો મુજબ, કોઠારીયા સોલવન્ટના શિવશક્તિ પાર્કમાં ભાડાના મકાનમાં રહી મજુરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા રાહુલ મંડલની ત્રણ વર્ષની બાળકી ગત તારીખ ૭ના પરે છત ઉપર રમી રહી હોય ત્યારે કોઈ કારણસર તે અહીંથી નીચે પટકાઈ હતી. બાળકીને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ૨ દિવસ સારવાર બાદ તેણીએ દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી.બનાવ અંગે આજીડેમ આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતક બાળકી બે ભાઈમાં નાની હતી. એકની એક પુત્રીના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ છે

# જામનગરમાં ડોર-ટુ-ડોર કચરા કલેક્શન મોનીટરીંગ કરવા માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ઊભું કરવામાં આવશે




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં ૧ નવેમ્બર-૨૦૨૫ થી નવી ડોર-ટુ-ડોર ગાર્બેજ સિસ્ટમ લાગુ કરવામાં આવનાર છે. આ સિસ્ટમ લાગુ થાય તે પહેલા મિલકતધારકોને જાગૃત કરવા અને નવી સિસ્ટમ અંગે માહિતગાર કરવા સાથે મિલકતોની યાદી તૈયાર કરવા માટે સર્વે કરવામાં આવનાર છે. આ માટે એજન્સીની ટીમો મારફત સર્વે કામગીરી કરવામાં આવશે.

હાલ શહેરમાં જુની ડોર-ટુ-ડોર ગાર્બેજ પદ્ધતિ મુજબ રહેણાંક કોમર્શિયલ વિસ્તારોમાંથી કલેક્શન કરવામાં આવતું હતું. હવે પછી શહેરમાં નવી ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન પદ્ધતિ મુજબ શહેરના તમામ વિસ્તારો, મિલકતોમાંથી કરવામાં આવશે. આથી આ કામે સર્વેની કામગીરી હાથ ધરનાર છે.

જામનગર મહાનગર પાલિકામાં વાહનોનું તથા કામગીરીનું મોનીટરીંગ કરવા માટે સી.સી.સી.કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર.ઊભું કરવામાં આવશે. શહેરના સમાવિષ્ટ તમામ વોર્ડ વિસ્તારમાંથી મીની ટીપર વાહનો મારફત ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શનની નવીનતમ ટેકનોલોજી આધારિત શહેરના દરેક ઘર, ઓફિસ, દુકાન, રેસ્ટોરન્ટ, હોટલ, લારી, ગલ્લા, કોમ્યુનીટી હોલ, જ્ઞાતિની વાડી, પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળો વિગેરેનો સર્વે થનાર છે. આ કામે એજન્સીનો સ્ટાફ જે તે સ્થળ પર આવી વોર્ડ વિસ્તારના દરેક ઘર, ઓફિસ, દુકાન, રેસ્ટોરન્ટ, હોટલ લારી, ગલ્લા, કોમ્યુનીટી હોલ, જ્ઞાતિની વાડી, પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળો વિગેરેના ફોટોગ્રાફ લેશે અને તેઓ દ્વારા મિલકત સંબંધી સવાલ કરી, મિલકતનો સર્વે.ગણતરી કરવામાં આવશે.આથી જામનગર શહેરની જાહેર જનતાને ઉપરોક્ત ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન કામગીરી માટે મિલકત સર્વે માટે આવનાર એજન્સીના સ્ટાફને પૂરતો સહયોગ સહકાર આપવા આસી. કમિશનર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ધોરાજી નગરપાલિકા ખાતે સફાઈ કર્મચારીઓની હડતાલનું સુખદ સમાધાન

**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**

છેલ્લા સાત દિવસથી સફાઈ કર્મચારીઓ દ્વારા હડતાલ કરવામાં આવી હતી જેમની માંગણીઓને લઈને આજરોજ અનુસુતી જાતિ સમાજના આગેવાન યોગેશભાઈ ભાષા પૂર્વ નગરપતિ ડીએલ ભાષા તેમજકોન્ટ્રાક્ટર તથા ચીફ ઓફિસર સાથે બેઠક કરી સફાઈ કર્મચારીઓની માંગણી સંતોષવામાં આવી હતી અને મુ મીઠા કરી હડતાલનો સુખદ અંત આવ્યો હતો અને તાત્કાલિક ધોરણે ધોરાજી શહેરમાં કચરાના ગદ છે તે તાત્કાલિક ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી હતી ને આજથી રાબેતા મુજબ ધોરાજી શહેરમાં કચરાની કામગીરી શરૂ કરી દેવામાં આવે છે જેથી



સફાઈ કામદારના કર્મચારીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

## ગોંડલમાં બે સ્થળે કારખાનામાંથી બાળમજૂર મુક્ત કરાયા

ગોંડલ તાલુકા પોલીસ મથક વિસ્તારમાં એએચટીયુના નોડલ ઓફિસર પીઆઈ વી.વી. ઓડેદરાના માર્ગદર્શન હેઠળ ટીમે કારખાનાઓમાં ચેકિંગ હાથ ધર્યું હતું. રોયલ ટ્રેડિંગ વ્રજ ઈન્ડસ્ટ્રીઝમાં સગીરવયનો બાળમજૂર મળી આવ્યો હતો. કારખાના માલિક ગોંડલના ગુંદાળા રોડ ડેકોરા સિટીમાં રહેતા ચંદ્રેશભાઈ રસિકભાઈ કાથરોટિયા (ઉ.વ.૪૦)ની અટકાયત કરાઈ હતી. શ્રીનાથજી ઈન્ડ. એસ્ટેટ પ્લોટ નં.૧૨માં આવેલી ગિરીરાજ એન્ટરપ્રાઈઝમાં પણ બાળમજૂર મળી આવતા પીઆઈ આર.જે. ગોધમ તથા સ્ટાફે ત્યાં કારખાનાના ઠેકેદાર હિતેષ રવજી સોલંકી (રહે.હુડકો ક્વા., કોટડા રોડ, ગોંડલ) સામે ગુનો નોંધ્યો હતો.

# હેપ્પી બર્થ ડે. સ્વરા જાની



**મુખ્ય સમાચાર, જામનગર**

હેલ્લો ફ્રેન્ડસ મારૂ નામ સ્વરા જાની છે હું મારા પપ્પાની લડલી છુ. મારા પપ્પાનું નામ કશ્યપભાઈ જાની અને મમ્મીનું નામ રિદ્ધિબેન જાની.જયેન્દ્રાબેન જાની દાદી.જેંતીલાલભાઈ જાની દાદા.ગીતાબેન ભટ્ટ નાની.મહેશભાઈ ભટ્ટ નાના.છે.ફ્રેન્ડસ આજે મારો જન્મ દિવસ છે.તો આજે મારા ઘરે પાર્ટી રાખી છે તો આપને જરૂર બોલાવીશ આવજો ઓકે બાય ... બાય . સીયુ

# “સ્વચ્છતા પખવાડા - ૨૦૨૫” અંતર્ગત રાજકોટ ડિવિઝનમાં સ્વચ્છતા અને ખાદ્ય સુરક્ષાનું વ્યાપક નિરીક્ષણ અભિયાન



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં ''સ્વચ્છતા પખવાડા - ૨૦૨૫'' અંતર્ગત ૦૯ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ સ્વચ્છતા અને ખાદ્ય સુરક્ષા સંબંધિત એક વ્યાપક નિરીક્ષણ અભિયાન સફળતાપૂર્વક સંપન્ન થયું. આ અભિયાનનો ઉદ્દેશ્ય મુસાફરોને સ્વચ્છ, સુરક્ષિત અને ઉચ્ચ ગુણવત્તાવાળી ખાદ્ય સેવાઓ પૂરી પાડવાનો તેમજ રેલવે પરિસરોમાં સ્વચ્છતા અને સ્વાસ્થ્યના ધોરણોને મજબૂત બનાવવાનો હતો.

અભિયાન દરમિયાન અધિકારીઓ અને સ્ટાફ દ્વારા જામનગર, રાજકોટ અને સુરેન્દ્રનગર રેલવે સ્ટેશનો પરના ફૂડ સ્ટોલોનું નિરીક્ષણ કરવામાં આવ્યું. નિરીક્ષણ દરમિયાન એ ખાતરી કરવામાં આવી કે તમામ સ્ટોલો પર ખાદ્ય પદાર્થો સ્વચ્છ વાતાવરણમાં સુરક્ષિત રીતે તૈયાર અને પીરસવામાં આવી રહ્યા છે.

સાથે જ, હાપા અને સુરેન્દ્રનગરના રનિંગ રૂમ તથા જામનગર ફૂડ પ્લાઝામાં વાસણોની સફાઈ વ્યવસ્થા, સ્વચ્છતાના ધોરણો અને ખાદ્ય સુરક્ષાના ઉપાયોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી. આ ઉપરાંત, મોરબી સ્ટેશન પર એન્ટી-મેલેરિયા નિરીક્ષણ કરવામાં આવ્યું જેથી સ્ટેશન પરિસરમાં સ્વાસ્થ્ય અને સ્વચ્છતા સંબંધિત વ્યવસ્થાઓ સુચારુ રૂપે જળવાઈ રહે.

નિરીક્ષણ દરમિયાન ફૂડ સ્ટોલ અને કેન્ટીન સંચાલકોને સ્વચ્છતાના ધોરણોનું પાલન કરવા માટે જરૂરી દિશા-નિર્દેશો આપવામાં આવ્યા. વળી, મુસાફરોને પણ સ્વચ્છ ભોજન ગ્રહણ કરવા અને સ્વચ્છ વાતાવરણ જાળવી રાખવા પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા.

રાજકોટ ડિવિઝનમાં આ પ્રકારના નિરીક્ષણ અભિયાન નિયમિતપણે આયોજિત થતા રહેશે, જેનાથી મુસ-ાફરોને સુરક્ષિત, સ્વચ્છ અને ગુણવત્તાપૂર્ણ સેવાઓ મળતી રહે.

રાજકોટ ડિવિઝનનો આ પ્રયાસ માત્ર રેલવે પરિસરોની સ્વચ્છતાને મજબૂત કરતો નથી, પણ મુસાફરો અને કર્મચારીઓના સ્વાસ્થ્ય અને સુરક્ષા પ્રત્યે ડિવિઝનની પ્રતિબદ્ધતા પણ દર્શાવે છે.

# અટલ સ્માર્ટ સીટી વિસ્તારમાં ૪૪ કરોડના ખર્ચે આધુનિક વર્કિંગ વુમન હોસ્ટેલ બનશે



તસ્વીર : ગૌરવ લશ્કરી

**ભાદરથી રાજકોટની પાણીની લાઇન બદલાશેઃ ૨૬ કરોડના ખર્ચે બેડીપરામાં નવા ફાયર સ્ટેશનનું નિર્માણઃ રાજકોટ મનપાની સ્ટે. કમિટીની બેઠકમાં અધધ ૮૨ દરખાસ્તોને મંજૂરીઃ કુલ ૪૧૮.૭૪ કરોડના વિકાસ કામોને લીલીઝંડી**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક જયમીન ઠાકરની અધ્યક્ષતામાં મળી હતી જેમાં કુલ ૮૨ દરખાસ્તોને મંજૂરી આપવા સાથે ૪૧૮.૭૪ કરોડના વિકાસ કામોને લીલીઝંડી અપાઇ હતી. ખાસ કરીને રાજકોટના નવા વિસ્તાર અટલ સ્માર્ટ સીટીમાં ૪૪ કરોડના ખર્ચે અત્યંત આધુનિક વર્કિંગ વુમન હોસ્ટેલનું નિર્માણ થશે. વધુમાં બેડી પરામાં ૨૬ કરોડના ખર્ચે નવું ફાયર સ્ટેશન પણ બનશે. આ સિવાય અન્ય દરખાસ્તોને પણ મંજૂરી અપાઇ હતી. જે દરખાસ્ત નામંજૂર કરાઇ હતી તેમાં ઝૂના પ્રાણીઓ માટે લીલાચારા સપ્લાય કરવાનો કોન્ટ્રાક રીટેન્ડર કરાયો હતો જયારે રણછોડ નગરમાં આવેલી માધ્યમીક શાળાનું મકાન સૌરાષ્ટ્ર શિક્ષણ સેવા ટ્રસ્ટને આપવાની દરખાસ્તને વધુ અભ્યાસ અર્થે પેન્ડિંગ રખાઇ હતી.

શહેરની પાણી વિતરણ વ્યવસ્થા ૩ જળષોત પર આધારીત છે. ત્યારે ભાદર ડેમ-૧ થી રાજકોટ ગુરૂકુળ પંમ્પીંગ સ્ટેશન સુધી લાઇન બીછાવી ગોંડલ રોડ આસપાસના વિસ્તારોમાં પાણી વિતરણ કરવામાં આવે છે. આ લાઇન વર્ષો જુની હોઇ વારંવાર લાઇન ભંગાણની ઘટના થઇ રહી છે ત્યારે આખરે મનપા તંત્ર દ્વારા ૪ તબક્કામાં ૪૩.૧૧ કિ.મી. સુધી ૧૨૬ કરોડના ખર્ચે નવી લાઇન બીછાવવા નિર્ણય કર્યો છે. તેની કાર્યવાહી હાથ ધરાઇ બાદ સ્ટેન્ડીંગ કમિટીમાં આ દરખાસ્ત ઉપરાંત રેસકોર્ષ સંકુલમાં સ્કેટીંગ રીંગ ભાડે આપવા, તંત્ર બસ, ટેમ્પો ટ્રાવેલર્સ ભાડે રાખવા, પ્રેમ મંદિર પાછળ ૧૦૫૬ જર્જરિત આવાસો ફાળવા સહિતની ૮૨ દરખાસ્તો અંગે નિર્ણય કરાયો હતો.

મહાનગરપાલિકા હસ્તકની ભાદર પાણી મુસ્વઠા આધારિત અંદાજીતવર્ષ ૧૯૯૦-૯૧ માં નાખવામાં આવેલ ૮૬૩મીમી ડાયા.ની પાઈપલાઈન, નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારાજણાવ્યા અનુસાર રાજકોટ-જેતપુર હાઇવે રોડકે જે હાલ ફોર-ટ્રેક માંથી સિક્સ-ટ્રેક કરવાનીકામગીરીમા નડતરરૂપ હોય, આ પાઈપલાઈન શિફ્?ટ કરવા જણાવવામાં આવેલ. જે અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ જુની ૮૬૩મીમી ડાયા. ની પાઈપલાઈન ખુબ જ જુની હોવાથી તેમાં કોરોઝન થવા પામેલ હોય. જેથી તેમાં વારંવાર લીકેજના પ્ર રહેતા હોય તેમજ આ હયાત પાઈપલાઈન મોટા ભાગે નેશનલ હાઈવે ની વચ્ચે આવેલ હોય તેના લીકેજ થવાના સમયે રિપેરિંગ કરવામાં પણ પારાવાર મુશ્કેલી ઉદભવતી હોય, જે તમામ બાબતો ધ્યાને લઈ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ જુની હયાતપ્લ પાઈપલાઈન ને બદલે ૧૦૧૬મીમી ડાયા. ની નવી ૩ પાઈપલાઈન નાખવાનું નક્કી કરવામાં આવેલ. જે અન્વયે આ કામનું અંદાજપત્રકરાજ્ય સરકારશ્રીની ''''ગ્રાન્ટહેઠળ સિવાય આ કામ ૪ ફેમમાં કરવામાં આવશે. જેમાં અલગ-અલગ ટેન્ડર પ્રક્રિયા કરવામાં એવી આ કામ કુલ ૧૨૬ કરોડનો ખર્ચ થશે.

મહાનગરપાલિકાના સાંસ્કળતિક વિકાસ વિભાગ દ્વારા સરકારના વિવિધ કાર્યક્રમોમાં શહેરીજનોને કાર્યક્રમ સ્થળે લેવા તથા મુકવા માટે આજ સુધી જરૂરીત પડે મોટા વાહનો ભાડેથી રાખવામાં આવતા હતા. પરંતુ હવે ચોક્કસ સંખ્યામાં બે વર્ષ માટે બસ તથા ટ્રેમ્પો સહિતના વાહનો ભાડે રાખવા માટે પ્રક્રિયા હાથ ધરેલ જેમા મીનીબસ રૂા.૩૫ પરકિલો મીટર તેમજ બસ રૂા.૪૫ અને રૂા.૫૫ પ્રતિકિલો મીટર અને મોટીબસ રૂા.૬૦ પ્રતિકિલો મીટર અને ટ્રેમ્પો ટાવેલ્સ રૂા.૩૦ પ્રતિકિલો મીટર એસી અને નોનએસી ભાડેથી રાખવામાં આવશે તેમજ મંથલી ભાડુ પણ જરૂરત પડયે અલગથી ચૂકવવામાં આવશે.

આજની બેઠકમાં સ્ટેન્ડિંગ કમિટીના સભ્યો તેમજ શાખા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ જિલ્લામાં વિકાસ સપ્તાહ દરમિયાન કુલ રૂ.૨૧.૨૩ કરોડની રકમના કુલ ૨૮૩ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત-લોકાર્પણ

**કુલ રૂ. ૧૬.૩૬ કરોડની રકમના ૧૭૬ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને રૂ. ૪.૮૭૦ કરોડની રકમના ૧૦૭ વિકાસ કાર્યોનું લોકાર્પણ**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગત તા. ૦૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લઈને જાહેર સેવાની ઐતિહાસિક યાત્રાની શરૂઆત કરી હતી, જેને તાજેતરમાં ૨૪ વર્ષ પૂર્ણ થયા છે. ગુજરાતની વણથંભી વિકાસ ગાથા જન-જનમાં ઉજાગર કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર તા. ૦૭ ઓક્ટોબરથી તા. ૧૫ ઓક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરી રહી છે. જેના ભાગરૂપે રાજકોટ જિલ્લામાં વિકાસ સપ્તાહ દરમિયાન રૂ. ૨૧.૨૩ કરોડની રકમના કુલ ૨૮૩ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત-લોકાર્પણ કરવામાં આવનારા છે.

રાજકોટ જિલ્લા માર્ગ અને મકાન કચેરી દ્વારા રૂ. ૦.૭૦૦ કરોડની રકમના ૦૧ વિકાસ કાર્યનું લોકાર્પણ, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૂ. ૧૩.૮૪૯ કરોડની રકમના ૮૮ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને રૂ. ૦.૯૬૦ કરોડની રકમના ૦૩ વિકાસ કાર્યોનું લોકાર્પણ, રાજકોટ તાલુકા પંચાયત દ્વારા રૂ. ૦.૦૭૦ કરોડની રકમના ૦૨ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને રૂ.૧૩૦ કરોડની રકમના ૦૪ વિકાસ કાર્યોનું લોકાર્પણ, જામકંડોરણા તાલુકા પંચાયત દ્વારા રૂ. ૦.૪૯૯ કરોડની રકમના ૧૫ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને રૂ. ૦.૫૯૫ કરોડની રકમના ૧૪ વિકાસ કાર્યોનું લોકાર્પણ, ગોંડલ તાલુકા પંચાયત દ્વારા રૂ. ૦.૪૬૦ કરોડની રકમના ૧૯ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને રૂ. ૦.૫૪૦ કરોડની રકમના ૨૧ વિકાસ કાર્યોનું લોકાર્પણ, ઉપલેટા તાલુકા પંચાયત દ્વારા રૂ. ૦.૩૨૯ કરોડની રકમના ૧૨ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને રૂ. ૦.૩૮૦ કરોડની રકમના ૧૧ વિકાસ કાર્યોનું લોકાર્પણ તથા જેતપુર તાલુકા પંચાયત દ્વારા રૂ.૩૪૫ કરોડની રકમના ૧૨ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને રૂ. ૦.૨૯૦ કરોડની રકમના ૧૧ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરાશે.

આ ઉપરાંત, ધોરાજી તાલુકા પંચાયત દ્વારા રૂ. ૦.૨૦૦ કરોડની રકમના ૦૬ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને રૂ. ૦.૪૧૦ કરોડની રકમના ૧૩ વિકાસ કાર્યોનું લોકાર્પણ, પડધરી તાલુકા પંચાયત દ્વારા રૂ. ૦.૧૮૩ કરોડની રકમના ૦૬ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને રૂ. ૦.૨૫૦ કરોડની રકમના ૦૭ વિકાસ કાર્યોનું લોકાર્પણ, જસદણ તાલુકા પંચાયત દ્વારા રૂ. ૦.૧૭૦ કરોડની રકમના ૦૭ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને રૂ. ૦.૨૩૫ કરોડની રકમના ૦૮ વિકાસ કાર્યોનું લોકાર્પણ, કોટડાસાંગાણી તાલુકા પંચાયત દ્વારા રૂ. ૦.૧૨૦ કરોડની રકમના ૦૪ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને રૂ. ૦.૨૭૦ કરોડની રકમના ૦૯ વિકાસ કાર્યોનું લોકાર્પણ તથા વીંછિયા તાલુકા પંચાયત દ્વારા રૂ. ૦.૧૩૫ કરોડની રકમના ૦૫ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને રૂ. ૦.૧૧૦ કરોડની રકમના ૦૫ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરાશે. આમ, વિકાસ સપ્તાહ નિમિત્તે કુલ ૧૬.૩૬ કરોડની રકમના ૧૭૬ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને રૂ. ૪.૮૭૦ કરોડની રકમના ૧૦૭ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરાશે.

# ૧૫ ઓક્ટોબરની હાપા-નાહરલગુન સ્પેશિયલ ટ્રેન આંશિક રીતે બદલાયેલા માર્ગ પર દોડશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રતલામ ડિવિઝનમાં આવેલા ઉજ્જૈન યાર્ડના રિમોડેલિંગ કાર્ય માટે બ્લોક લેવામાં આવશે. આ બ્લોકને કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ ની ટ્રેન નંબર ૦૯૫૨૫ હાપા-નાહરલગુન સ્પેશિયલ આંશિક રીતે બદલાયેલા માર્ગ (પરિવર્તિત માર્ગ) પર દોડશે.

તા. ૧૫.૧૦.૨૦૨૫ ના રોજ આ ટ્રેન હાપાથી પ્રસ્થાન કરીને તેના નિર્ધારિત માર્ગ વાયા નાગદા-ઉજ્જૈન-મક્સી-રૂઠિયાઈ-શિવપુરી-ગ્વાલિયર ને બદલે આંશિક રીતે બદલાયેલા માર્ગ વાયા નાગદા-કોટા-રૂઠિયાઈ-ગ્વાલિયર થઈને દોડશે.

જે સ્ટેશનો પર આ ટ્રેન નહીં જાય તેમાં ઉજ્જૈન, મક્સી, શાજાપુર અને બ્યાવરા રાજગઢ નો સમાવેશ થાય છે.

રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની યાત્રા શરૂ કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સની માહિતી માટે www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરે જેથી કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય.

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજથી “સ્વદેશી મેળા “શોપિંગ ફેસ્ટીવલ”નો શુભારંભ

''સ્વદેશી મેળા-૨૦૨૫'' - ''શોપિંગ ફેસ્ટીવલ'' તા.૧૦ થી તા.૧૫ સુધી યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા નરેન્દ્રભાઈ મોદીના મેક ઇન ઈન્ડિયા, એક જીલ્લો - એક ઉત્પાદન અને આત્મનિર્ભર ભારતના વિઝનને સાકર કરવા અને ભારત દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાના વિઝન સાકાર કરવા માટે સ્વદેશી ઉત્પાદનો અને સેવાઓના ઉપયોગને પ્રોત્સાહન આપવા, ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેર ગૃહ નિર્માણ વિભાગની અધિસૂચના અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ની ઉજવણી અંતર્ગત તા.૧૦થી તા.૧૫ દરમ્યાન સ્વદેશી મેળો-૨૦૨૫ - શોપિંગ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવેલ છે. આજે શુક્રવારે, સમય સાંજે ૦૫૩૦ કલાકે, રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે માન. ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના વરદ હસ્તે કરવામાં આવશે. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, સાસંદ પરસોતમભાઈ રૂપાલા, સાંસદ રામભાઈ મોકરીયા, મેયર નયનાબેન પેઢડીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડૉ.માધવ દવે, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડૉ.દર્શિતા શાહ, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડૉ.ભરતભાઈ બોઘરા, ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, અશ્વિનભાઈ મોલિયા, રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટરો, અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહેશે.

''સ્વદેશી મેળા-૨૦૨૫'' - ''શોપિંગ ફેસ્ટીવલ'' રાજકોટ શહેરના નાગરિકોને સ્વદેશી ઉત્પાદનો, હસ્તકલા, પરંપરાગત વાનગીઓ અને સ્થાનિક ઉદ્યોગોની ઝાંખી કરાવવાનો અનોખો પ્રયત્ન છે.

મેળાનો સમય અને સ્થળઃ રેસકોર્સ ગ્રાઉન્ડ, ખાતે સવારે ૧૦ થી રાત્રે ૧૦ સુધી રહેશે.

# મોરબીમાં રીક્ષામાં બેસેલ મુસાફરની નજર ચૂકવી રૂ. ૧૨ હજારની ચોરી કરનાર બે ઈસમો ઝડપાયા



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ઉમિયા સર્કલ પાસે રીક્ષામાં મુસાફર બેસાડી ગરદી કરી પેસેન્જરની નજર ચૂકવી ખિસ્સામાં રહેલ રોકડ રૂ ૧૨,૦૦૦ ની ચોરી કરનાર બે ઇસમોને ઝડપી લઈને પોલીસે ચોરી થયેલ મુદામાલ કબજે લીધો છે રોકડ રકમ અને રીક્ષા સહિતનો ગત તા ૨૯-૦૯ ના રોજ મોરબીના શનાળા રોડ પર ઉમિયા સર્કલ પાસેથી એક વ્યક્તિને રીક્ષામાં બેસાડી પેસેન્જરની નજર ચૂકવી ખીસામાં રહેલ રોકડ રૂ ૧૨,૦૦૦ ની ચોરી થયાની એ ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી જે ગુનાની તપાસ એલસીબી ટીમે ચલાવી હતી નેત્રમ પ્રોજેક્ટ સીસીટીવી ફૂટેજ ચેક કરી અગાઉ આવા ગુનામાં પકડાયેલ આરોપીને ચેક કરવા અને હુમન સોર્સીસની મદદથી કામગીરી કરતા વીસી હાઈસ્કૂલ પાછળ મંગલભુવન રોડ પર રીક્ષા જીજે ૦૩ સીટી ૦૨૨૦ વાળીમાં બે અજાણ્યા ઈસમો રાજકોટથી મોરબી આવ્યાની બાતમી મળી હતી જે ચોરી કરવાની ટેવવાળા હોવાનું જાણવા મળ્યું હતું જેથી બંનેની પૂછપરછ કરતા દસેક દિવસ પહેલા શનાળા રોડ પર ઉમિયા સર્કલથી એક મોટી ઉમરના વ્યક્તિને રીક્ષામાં બેસાડી ચાલક અને પાછળના બંને ઇસમોએ ઈશારો કરી નવા બસ સ્ટેન્ડ નજીક સ્પીડ બ્રેકર આવતા પેસેન્જરની નજર ચૂકવી ખિસ્સામાંથી રૂ.૧૨,૦૦૦ ની ચોરી કરી તે વ્યક્તિને ઉતારી રૂપિયા લઈને રાજકોટ જતા રહ્યા હોવાનું જણાવ્યું હતું

એલસીબી ટીમે આરોપી નિર્મળ ધીરૂભાઈ ઉધરેજીયા અને સોહિલ ઉર્ફે ભોલો હારૂન ઉર્ફે હકાભાઇ પરમાર રહે બંને રાજકોટ વાળાને ઝડપી લઈને ચોરી થયેલ રોકડ રૂ. ૧૨,૦૦૦ અને સીએનજી રીક્ષા જીજે ૦૩ સીટી ૦૨૨૦ કીમત રૂ ૭૦,૦૦૦ સહીત કુલ રૂ ૮૨,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે અન્ય આરોપી અમિત ઉર્ફે બુચો રાજુભાઈ ડોડીયા રહે રાજકોટ વાળાનું નામ ખુલ્યું છે આરોપી અમિત ડોડીયા વિરુદ્ધ રાજકોટમાં બે અને આરોપી નિર્મલ વિરુદ્ધ રાજકોટમાં એક ફરિયાદ નોંધાયેલી હોવાનું જાણવા મળ્યું છે

# યુવકને ફોન કરી બોલાવ્યા બાદ બુટલેગર સહિત બે શખ્સનો છરી વડે હુમલો

તું મને બહુ ખટકે છે તેમ કહી બેલડી તૂટી પડી હોવાનો આક્ષેપ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમા કાયદો અને વ્યવસ્થા કથળીને બેહાલ થઈ હોય તેમ અવાર નવાર નજીવા પ્રશ્ને મારામારી થતી હોવાની ઘટનાઓ પ્રકાશમા આવી છે ત્યારે વધુ એક બનાવમા બુટલેગર સહીત બે શખસોએ યુવકને ફોન કરીને બોલાવ્યા બાદ તુ મને બહુ ખટકેશ તેમ કહી છરીનાં ૭ ઘા ઝીકી દીધા હતા. યુવકને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામા આવ્યો છે. આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમા કાલાવાડ રોડ ઉપર એજી ચોક પાછળ આવેલી કેવલમ આવાસ યોજનાનાં કવાટરમા રહેતા રાજ દલસુખભાઈ વાઘેલા નામનો ૨૬ વર્ષનો યુવાન વહેલી સવારે સાડા પાચ વાગ્યે ભીમનગર ચોક પાસે હતો ત્યારે લાલો ટોપી મહીડા અને એક અજાણ્યા શખ્સે ઝઘડો કરી વાસાનાં અને સાથળનાં ભાગે છરીનાં ઘા ઝીકી દીધા હતા. હુમલામાં ઘવાયેલા યુવકને તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામા આવ્યો હતો. પ્રાથમીક પુછપરછમા રાજ વાઘેલા ડેકોરેશનનુ કામ કરે છે. અને પોતાનાં ઘરે હતો ત્યારે હુમલાખોર શખ્સે ફોન કરીને ભીમનગર ચોકમા બોલાવ્યા બાદ તુ મને ખટકે છે તેમ કહી છરીનાં ૭ ઘા ઝીકી દીધા હતા. અને હુમલાખોર શખ્સો નાસી છુટયા હતા. હુમલાખોર શખ્સ બુટલેગર હોવાનુ અને અગાઉ તડીપાર થયો હોવાનુ જાણવા મળ્યુ છે

# આર્થિક ભીસથી કંટાળી યુવકે હાથમાં છરી મારી ગળેફાંસો ખાધો

જુદા-જુદા ત્રણ સ્થળે ત્રણ લોકોએ ફિનાઈલ પી લેતા તબિયત લથડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં હાથીખાના વિસ્તારમાં રહેતા યુવાને આર્થિકભીસથી કંટાળી પોતાની જાતે હાથમા છરી વડે કાપા મારી ગળેફાંસો ખાઇ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે ની જાણવા વિગત મુજબ હાથીખાના વિસ્તારમાં રહેતા વસીમભાઇ બસીરભાઇ મકરાણી (ઉ.વ.૩૫) સાંજના છ વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતો. ત્યારે આર્થિકભીસથી કંટાળી પોતાની જાતે હાથમાં છરી વડે કાપા મારી લીધા હતા. અને ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. અન્ય બનાવમાં શહેરમાં જૂદા-જૂદા ત્રણ સ્થળે સગીર, પરિણીતા અને યુવાને કોઇ અગમ્ય કારણોસર ફિનાઇલ પી લીધુ હોવાની ઘટના સામે આવી છે. જેમાં રેસકોર્ષ પાર્કમાં રહેતા આર્યન કમલેશભાઈ પીઠડીયા (ઉ.વ.૧૬), નરશીનગરમાં રહેતી મીતલબેન વનરાજભાઇ વાઘેલા(ઉ.વ.૨૦) અને નવાગામમાં ખોડલધામ સોસાયટીમાં અલ્પેશ તુલશીભાઈ ડાભી (ઉ.વ.૩૮)એ લાલપરી સ્મશાન પાસે ફિનાઇલ પી લીધુ હતું. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# માનસિક અસ્વસ્થ ભૂલી પડેલી મહિલાને પિતા સાથે મિલન કરાવતી અભયમ ટીમ મોરબી



**મુખ્ય સમાચાર, મોરબી**

તારીખ-૮/૧૦/૨૦૨૫ ના રોજ સજ્જન વ્યક્તિ દ્વારા ૧૮૧ અભયમમાં ફોન કરી જણાવેલ કે એક અજાણી મહિલા જેમની ઉંમર આશરે ૩૫ વર્ષ હશે તેઓ એકલા બેઠા છે ક્યાં જવું છે તે બાબતે પૂછ્વા છતાં કશું બોલતા નથી જેથી મદદની જરૂર છે

આ માહિતી મળતા જ ફરજ પરના કાઉન્સિલર પટેલ સેજલ મહિલા કોન્સ્ટેબલ જયશ્રીબેન અને પાયલોટ રસિકભાઈ સ્થળ પર પહોંચેલ ૧૮૧ ટીમે સૌપ્રથમ મહિલા ને સાંત્વના આપી સરળતાપૂર્વ કાઉન્સિલિંગ કરતા તેઓ ક્યાં રહે છે ક્યાંથી આવ્યા વગેરે પૂછ્વાના ઘણા પ્રયત્નો કરેલ પરંતુ તે કશું જણાવતા ન હોવાથી આજુબાજુના વિસ્તારમાં તેમજ નજીકના પોલીસ સ્ટેશનમાં પૂછપરછ કરતા જાણવા મળેલ કે આ મહિલા ની પોલીસ સ્ટેશનમાં ગુમસુદા ની અરજી થયેલ છે જેથી તેમના પિતાનો ફોન દ્વારા સંપર્ક કરી સ્થળ પર બોલાવેલ હોય ત્યારબાદ તેમના પિતા સ્થળ પર આવતા તેમની દીકરી તેમના પિતાને ઓળખી જતા તેમની દીકરી તેમના પિતાને સોંપેલ ત્યારબાદ તેમના પિતાનું કાઉન્સિલિંગ કરતા તેમણે જણાવેલ કે તેમની દીકરી માનસિક રીતે અસ્વસ્થ હોય તેમની દવા પણ શરૂ હોય તેમની દીકરી ઘરેથી કહ્યા વગર અચાનક નીકળી ગયેલ હોય આજુબાજુના વિસ્તારમાં તેમજ ઘણા લોકોને તેમની દીકરી બાબતે પૂછપરછ કરેલ પરંતુ ક્યાંય ખબર મળેલ નહીં તેઓ પણ ચિંતિત હતા માટે ટીમ દ્વારા સલાહ સૂચન માર્ગદર્શન આપી તેમના પિતાને તેમની દીકરીનું ધ્યાન રાખવા માટે જણાવેલ તેમના પિતાએ ૧૮૧ અભયમ ટીમનો આભાર માન્યો હતો.

# ધ્રોલના હમાપરના ખેડૂત ભાઈઓને માથામાં ધારીયા-કુહાડાના ઘા માર્યા

**મુખ્ય સમાચાર, જામનગર**

ધ્રોલના હમાપર ગામની સીમમાં શેઢા પાડોશીની તકરારમાં બે વ્યક્તિને મારી નાંખવાના ઈરાદે માથામાં ધારિયા-કુહાડાના ધારીયા-કુહાડાના ઘા મારીને ગંભીર ઈજા પહોંચાડી હોવાની ફરિયાદ ધ્રોલ પોલીસમાં નોંધાતા પોલીસે આરોપીઓની શોધખોળ આદરી છે.

હમાપર ગામે સ્મશાન સામેના ભાગમાં આવેલી કેશુભાઈ ડાંગરની ખેતીની જમીનની બાજુમાં આવેલો ખરાબો રવિ મુળુભાઈ ડાંગર અને રાજભાઈ મુળુભાઈ ડાંગર ખેડતા હતા. આ ખરાબા બાદ કેશુભાઈની માલીકીની જમીનમાં પણ દબાણ કરીને ખેડવા બાબતે કેશુભાઈ તથા રવિ અને રાજ ડાંગર વચ્ચે મનદુઃખ ચાલતું હતું. આ દરમિયાન તા.૮ની સાંજે કેશુભાઈનો દીકરો અક્ષય, કેશુભાઈ તથા તેના ભાઈ વિનુભાઈ રવિ અને રાજ ડાંગરને સમજાવવા ગયા હતા. તેથી બંને ભાઈઓએ તે લોકો સાથે ઉગ્ર બોલાચાલી કર્યા પછી ગનુબેન મુળુભાઈ ડાંગર અને પુજાબેન મુળુભાઈએ ત્રણેય ઉપર મરચાની ભુકી ઉડાડી હતી. જે વખતે રવી ડાંગરએ ધારીયા વડે કેશુભાઈ ડાંગરને માથામાં ઘા મારવામાં આવ્યો હતો. તેમજ રાજ ડાંગરએ વીનુભાઈ ડાંગરને માથામાં કુહાડાના ચારેક ઘા મારીને જીવલેણ હુમલો કરીને ગંભીર ઈજા પહોંચાડી હતી.

# પોરબંદરના બીલડી ગામે ૨૨૫૬ દારૂની બોટલ ભરેલ વાહન મુકી ચાલક ફરાર



**મુખ્ય સમાચાર, પોરબંદર**

પોરબંદરના બખરલા રોડ પર આવેલ બીલડી સીમ શાળા પાસે એલસીબીએ બાતમીના આધારે વોચ ગોઠવી હતી. દરમિયાન એક પીકઅપ ગાડી આવતા, ચાલકે પોલીસે ટીમને જોયા બાદ ગાડી ઉભી રાખી અંધારાનો લાભ લઈ નાસી છૂટયો હતો. વાહનની તપાસ કરતા તેમાંથી વિવિધ બ્રાન્ડની ૨,૨૫૬ બોટલ વિદેશી દારૂ મળી આવી હતી. પોલીસે પીકઅપ ગાડી નં.-૧૧ -૧૪૨૯ સહિત કુલ રૂ. ૨૪,૮૧,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા વિસ્તારમાંથી દારૂની પ્રવૃત્તિઓને નાબૂદ કરવા આપવામાં આવેલી સૂચના મુજબ એલસીબી પીઆઈ આર.કે. કાંબરીયા તથા સ્ટાફ બગવદર પોલીસ મથક હદમાં પેટ્રોલીં એલસીબીને જોઈ ચાલક વાહન મુકીને નાસી છૂટ્યો હતા. ત્યારે કોલીખડા તરફથી બખરલા જતાં રોડ પર બીલડી સીમ શાળા પાસે તેમને બાતમી મળી હતી કે એક પીકઅપમાં વિદેશી દારૂનો જથ્થો ભરાઈને પસાર થવાનો છે. તેથી સ્ટાફે વોચ ગોઠવી હતી. ઠાઠામાં ભરેલા ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની-મોટી ૨,૨૫૬ બોટલ મળી આવી હતી. પોલીસે દારૂનો જથ્થો અને પીકઅપ સાથે રૂ. ૨૪.૮૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી લીધો છે. નાસી છૂટેલા ચાલક વિરુદ્ધ બગવદર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. જે કેસની આગળની તપાસ એલસીબી પી.આઈ આર કે કાંબરિયા સંભાળી રહ્યા છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રોંગ સાઈડમાં ઘસી આવેલા છોટાહાથીએ રીક્ષા અને સ્કુટરને ઉલાળ્યા; ૪ ઘવાયા

## ૧૦ વર્ષની બાળકી સહિત ચાર લોકોને ઈજા પહોંચતા સારવારમાં ખસેડાયા; છોટા હાથીનો ચાલક દારૂના નશામાં હોવાની ચર્ચા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં વધુ એક ઘટનામા ગત રાત્રે કેકેવી ચોકમા રોંગ સાઇડમા ઘસી આવેલા છોટા હાથીનાં ચાલકે રીક્ષા અને સ્કુટરને ઉલાળતા અકસ્માત સર્જાયો હતો અકસ્માતને પગલે લોકોનાં ટોળા એકઠા થઇ ગયા હતા. અકસ્માતમા ઘવાયેલ બાળકી સહીત ચારેય ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવામા આવ્યા હતા. છોટા હાથીનાં ચાલકે દારૂનાં નશામા અકસ્માત સર્જાયો હોવાની ચર્ચાએ જોર પકડયુ છે.

આ બનાવ અંગે મળતી વિગતો મુજબ શહેરમા કેકેવી હોલ ચોક ખાતે રાત્રીનાં સાડા બારેક વાગ્યાનાં અરસામા રોંગ સાઈડમા માતેલા સાંઢની માફક ઘસી આવેલા છોટા હાથીનાં ચાલકે રીક્ષા અને સ્કુટરને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો જેમા નાણાવટી નાણાવટી ચોકમા આવેલી નંદનવન સોસાયટીમા રહેતા રીક્ષા ચાલક તોસીફ હનીફભાઈ હુનાણી (ઉ.વ. ૩૨ ), નાના મવા રોડ પર લક્ષ્મીનગરમાં રહેતા સ્કુટર ચાલક હરેશભાઈ કાળુભાઈ અઘેરા (ઉ.વ. ૫૫) સ્કુટર સવાર તેમનાં પત્ની જોશનાબેન હરેશભાઈ અઘેરા અને ભત્રીજી ધૃવીબેન હીતેશભાઈ અઘેરા (ઉ.વ. ૧૦) ને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવ-ાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામા આવ્યા હતા. ઘટનાને પગલે લોકોનાં ટોળા એકઠા થઈ ગયા હતા. અકસ્માત થયાની જાણ થતા પોલીસ વાન ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે ઘટના સ્થળે દોડી જઈ સર્જાયેલો ટ્રાફીક જામ કલીયર કરાવ્યો હતો.

પ્રાથમીક પુછપરછમા સ્કુટર સવાર દંપતી ભત્રીજીને લઈને કાલાવાડ રોડ પર પુત્રને ટીફીન દેવા માટે ગયા હતા. તે દરમ્યાન રોંગ સાઈડમા ઘસી આવેલા છોટા હાથીનાં ચાલકે સ્કુટર અને રીક્ષાને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જનાર છોટા હાથીનાં ચાલકે દારુનાં નશામા સ્કુટર અને રીક્ષાને ઉલાળતા અકસ્માત સર્જાયો હોવાની ચર્ચાએ જોર પકડયુ છે. પોલીસે આ અંગે નોંધ કરી અકસ્માત સર્જનાર છોટા હાથીનાં ચાલક વિરુધ્ધ કાનુની તપાસનો દોર લંબાવ્યો છે.

# ફરિયાદ નોંધાવવા ગયેલી પત્નીને પોલીસ સ્ટેશન બહાર જ પતિ સહિતનાએ માર માર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં આવેલા ભિલવાસ ચોકમાં રહેતી પરિણીતા દારૂ પી ત્રાસ ગુજારતા પતિ વિરૂધ્ધ મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવવા જતી હતી. ત્યારે પતિ સહિતના શખ્સોએ મહિલા પોલીસ સ્ટેશન નજીક પરિણીતાને આતંરી મારમારી આંખમાં ઝેરી ફુવારો છાટી દીધો હતો. પરિણીતાને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા વિગત મુજબ ભિલવાસ ચોકમાં રહેતી ગુડીબેન અજયભાઇ રંગપરા નામની ૨૫ વર્ષની પરિણીતા સવારના પાંચ વાગ્યાના અરસામાં મહિલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં હતી ત્યારે પતિ અજય રંગપરા સહિતના શખ્સોએ ઝઘડો કરી મારમાર્યો હતો અને આંખમાં ઝેરી ફુવારો છાંટયો હતો. પરિણીતાને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવી હતી. પ્રથામિક પૂછપરછમાં અજય રંગપરા દારૂપી મારકૂટ કરતો હોવાથી છેલ્લા પાંચ મહિનાથી માવતરે રીસામણે બેઠી હતી અને રાત્રીના પતિએ ધમકી આપતા ભાઈને સાથે લઇ મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવા જતી હતી. ત્યારે પતિ સહિતનાએ મારમાર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ફેમિલી કોર્ટમાં યુવકે પત્ની સહિત સાસરિયાના ત્રાસથી ફિનાઈલ પી લીધું

## લાંબા સમયથી ભરણ-પોષણ અને છૂટાછેડાનો કેસ ચાલતો હોવાનું ખુલ્યું; સ્યુસાઇડ નોટ મળી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ ઉપર રણુજા મંદિર પાછળ રહેતા બાવાજી યુવાને પત્ની સહીતના સાસરીયાના ત્રાસથી કંટાળી ફેમીલી કોર્ટમાં ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરી લેતા ચકચાર મચી જવા પામી છે. યુવાનને સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો હતો. તેની પાસેથી સ્યુસાઇડ નોટ મળી આવી હતી. જેમાં પત્ની સહીતના સાસરીયાઓના ત્રાસથી આ પગલું ભરી લીધાનું જણાવ્યું હતું. પત્ની લાંબા સમયથી રિસામણે હોય અને ભરણપોષણ અને છુટાછેડાનો કેસ ચાલતો હોવાનું જાણવા મળ્યું છે.

જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં કોઠારીયા રોડ ઉપર રણુજા મંદિર પાછળ આવેલી સોમનાથ



સોસાયટીમાં રહેતા મીથીલેશગીરી હપંદગીરી ગોસ્વામી નામનો યુવાન બપોરના બારેક વાગ્યાની આસપાસ ફેમિલી કોર્ટમાં હતો ત્યારે ફીનાઈલ પી લીધું હતું. યુવકની તબિયત લચડતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ ઘટના અંગે જાણ થતાં જ પ્રનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

પ્રાથમિક તપાસમાં મીચીલેશગીરી ગોસ્વામીના ભાવનગર ખાતે રહેતી મિતલબેન સાથે લગ્ન થયા હતા. બાદમાં દંપતી વચ્ચે અણ બનાવ બનતા મિતલબેન ગોસ્વામી ભાવનગર માવતરના ઘરે રિસામણે ચાલી ગઈ માવતરના ઘરે રિસામણે ચાલી ગઈ હતી અને જ્યાં ભાવનગર પોલીસ મથકમાં પતિ મીથીલેશગીરી ગોસ્વામી વિરુદ્ધ શારીરિક માનસિક ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવી હતી અને ભાવનગર કોર્ટમાં ભરણપોષણ મેળવવા કેસ દાખલ કર્યો હતો. જેની સામે પતિ મીથીલેશગીરી ગોસ્વામીએ રાજકોટની ફેમિલી કોર્ટમાં છુટાછેડા માટે કેસ દાખલ કર્યો હતો જે છુટાછેડાનો કેસ ભાવનગર કોર્ટમાં ટ્રાન્સફર કરવા મિતલબેને અરજી કરી હતી.

# આર્થિક ભીસથી કંટાળી ચુવકે હાથમાં છરી મારી ગળેફાંસો ખાધો

## જુદા-જુદા ત્રણ સ્થળે ત્રણ લોકોએ ફિનાઈલ પી લેતા તબિયત લથડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં હાથીખાના વિસ્તારમાં રહેતા યુવાને આર્થિકભીસથી કંટાળી પોતાની જાતે હાથમા છરી વડે કાપા મારી ગળેફાંસો ખાઇ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે ની જાણવા વિગત મુજબ હાથીખાના વિસ્તારમાં રહેતા વસીમભાઇ બસીરભાઇ મકરાણી (ઉ.વ.૩૫) સાંજના છ વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતો. ત્યારે આર્થિકભીસથી કંટાળી પોતાની જાતે હાથમાં છરી વડે કાપા મારી લીધા હતા. અને ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. અન્ય બનાવમાં શહેરમાં જૂદા-જૂદા ત્રણ સ્થળે સગીર, પરિણીતા અને યુવાને કોઇ અગમ્ય કારણોસર ફિનાઇલ પી લીધુ હોવાની ઘટના સામે આવી છે. જેમાં રેસકોર્ષ પાર્કમાં રહેતા આર્યન કમલેશભાઈ પીઠડીયા (ઉ.વ.૧૬), નરશીનગરમાં રહેતી મીતલબેન વનરાજભાઇ વાઘેલા(ઉ.વ.૨૦) અને નવાગામમાં ખોડલધામ સોસાયટીમાં અલ્પેશ તુલશીભાઈ ડાભી (ઉ.વ.૩૮)એ લાલપરી સ્મશાન પાસે ફિનાઇલ પી લીધુ હતું. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ખોડિયારનગરમાં પાલતુ શ્વાન મુદ્દે બઘડાટીઃ બે બાઇકમાં તોડફોડ

## બે પક્ષો વચ્ચે ધોકા-તલવાર વડે મારામારી અને સોડા-બોટલના ઘા કર્યાની સામસામી ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજી જીઆઇડીસી ૮૦ ફુટ રોડ પર ખોડિયારનગર શેરી નંબર ૪ માં રહેતા દિવ્યાબેન નિર્મળભાઈ મકવાણા (ઉ.વ ૨૬) દ્વારા ધોરાળા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે જુનેદ, ઈલિયાસ, યુનુશ અને પમો મુસ્લિમના નામ આપ્યા છે. દિવ્યાબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે, રાત્રિના દસેક વાગ્યે તેમના નણંદ શિલ્પાબેન માણસુરભાઈ (રહે. ખોડીયારનગર મેઇન રોડ) ને લતામાં રહેતા બાપુ ઉર્ફે ફકીર વગેરે કૂતરું શેરીમાં ના રાખો દૂધ ન પીવડાવો અહીં બધાને કરડે છે. તેમ સમજાવવા ગયા હતા. બાદ રાત્રિના સવા બારેક વાગ્યે આસપાસ દિવ્યાબેન તેમના પતિ નિર્મલભાઈ જેઠ શૈલેષભાઈ સસરા



માણસુરભાઈ તથા નણંદ શિલ્પાબેન બધા ઘર પાસે ખોડીયારનગર શેરી નંબર ૪ માં હતા ત્યારે આરોપીઓ અહીં ઘસી આવ્યા હતા અને ગાળો બોલી માયાફૂટ કરી હતી. ઈલિયાસના હાથમાં તલવાર હોય જેનો ઘા મારવા જતા દિવ્યાબેનને હાથ આડો રાખતા હાથમાં ઈજા પહોંચતી હતી તેમજ તેના પતિ નિર્મલભાઈને વડે માર મારતા પહોંચી હતી તથા યુનુસ પણ તેમના પતિને મારમાર્યો હતો અને ધોકા પમો મુસ્લિમે ઢીકાપાટુનો માર માર્યો હતો.

બાદમાં આ ચારેય શખસો સોડા બોટલાના પા કર્યા હતા એટલું જ નહીં શિલ્પાબેનના ઘર પાસે શેરીમાં તેઓના પાર્ક કરેલા પ્લેટીના અને જીપીટરમાં ધોકા મારી નુકસાન કર્યું હતું. ઝપાઝપીમાં શિલ્પાબેનનો ફોન પણ પડી ગયો હતો. આ હુમલામાં દિવ્યાબેનને સામાન્ય ઈજા પહોંચી હોય સરકારી હોસ્પિટલે પ્રાથમિક સારવાર લઈ આ મામલે ફરિયાદ નોંધાવી હતી.સામાપક્ષે શબ્બીરભાઈ અલારખાભાઈ ચૌહાણ (ઉ.વ ૩૩ રહે. ખોડીયારનગર શેરી નંબર ૫) દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે શિલ્પા માણસુરભાઈ મકવાણા, નિર્મળ માણસુરભાઈ, માણસુર મકવાણા અને શૈલેષ માણસુરના નામ આપ્યા છે.

શબ્બીરભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ કલર કામ કરવાનો કોન્ટ્રાક્ટ રાખી પરિવારનું ગુજરાન ચલાવે છે. રાત્રિના રોરીમાં રહેતા લાલ મોહમ્મદ ફતેસા શેખનો દીકરો જે ચાર વર્ષનો હોય તે ખોડીયારનગર મેઈન રોડ પર ગયેલ ત્યારે ત્યાં રહેતા શિલ્પાબેનના પાલતુ કૂતરો કરડવા જતાં ફરિયાદી તથા તેમના મોટાભાઈ ફિરોજભાઈ અને ફતેશાહ વગેરે શિલ્પાબેનને કૂતરું રોડ ઉપર રેઢુ મુકો નહીં આવતા જતા માણસોને કરડી જશે તેમ સમજાવવા ગયા હતા. ત્યારે સામાન્ય બોલાચાલી થઈ હતી. એક જ લતામાં રહેતા હોય જેથી સમાધાનની વાતચીત કરી હતી. ત્યારબાદ રાત્રિના સવા બારેક વાગ્યે ફરિયાદી તથા તેમના મોટાભાઈ ફિરોજભાઈ કાકા તેમના શેઠ મહેશભાઈ વગેરે ખોડીયારપરા મેઈન રોડ પર હતા ત્યારે આરોપીઓએ અહીં આવી માયાકૂટ કરવા લાગ્યા હતા. દરમિયાન નિર્મળે તલવારનો એક ઘા કરિયાદીને કાંડાના ભાગે મારી દીધો હતો માણસુરે તેને પકડી રાખી શૈલેપ તથા શિલ્પાબેને ઢીકાપાટુનો માર માર્યો હતો. આ દરમિયાન ફરિયાદીના મોટાભાઈ ફિરોજભાઈ અને કાકા ઈલિયાસભાઈને પણ આ ચારેય શખસોએ માર માર્યો હતો જેમાં ત્રણેયની ઈજા પહોંચી હોય જેથી મધુરમ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયા હતા. જે અંગે તેમણે થોરાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# રાજકોટ એઈમ્સના એકિઝકયુટિવ ડિરેકટર તરીકે ડો. દોરારાજને ચાર્જ સંભાળ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના એઇમ્સ ડિરેક્ટર પદે ડો.દોરારાજનની નિમણૂક બાદ રાજકોટ આવી અને ચાર્જ સાંભળ્યો હતો એઇમ્સ દ્વારા ડો.એલ.એન. દોરૈરાજનનું સ્વાગત કરાયું હતું. ડો.એલ.એન. દોરૈરાજન હાલ પુડુચેરીની જીપમર, (JIPMER) (જવાહરલાલ ઇન્સ્ટિટયૂટ ઓફ પોસ્ટ ગ્રજ્યુએટ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ) હોસ્પિટલમાં યુરોલોજી વિભાગમાં પ્રોફેસર અને (હોસ્પિટલ મેડિકલ સુપ્રિડેન્ટ)ની પોસ્ટ પર ફરજ બજાવતા હતા ડો.એલ.એન. દોરૈરાજન દર્દીની સંભાળ અને હોસ્પિટલ સેવાઓ માટે તેઓ યુરેથ્રોપ્લાસ્ટીમાં નિષ્ણાત તરીકે માન્યતા પ્રાપ્ત સર્જન છે અને ૧૯૯૯માં JIPMERમાં જોડાયા હતા. ડો.દોરૈરાજન એક પ્રશંસનીય સર્જન તરીકે જાણીતા છે, જે



સ્ટ્રિકચર રોગ માટે યુરેથ્રોપ્લાસ્ટીમાં નિષ્ણાત છે. જાન્યુઆરી ૨૦૨૧માં, તેમને આજ સુધી JIP-MERના મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ભારત સરકાર અને આરોગ્ય મંત્રાલયે પહેલા ડેપ્યુટી ડાયરેક્ટર, પ્રેસિડેન્ટ, અને હવે નવનિયુક્ત ડિરેક્ટર આપીને એઈમ્સ રાજકોટ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં આરોગ્ય સેવાની નવી ઊંચાઈ સાથે અને ઉત્થાન આપવા પ્રયાસો હાથ ધર્યા છે.

# બાળ આરોપીના વાળ ખેંચીને કાઢવાના બનાવમાં ગાંધીગ્રામના પોલીસમેનની ધરપકડ

## વિડીયો વાયરલ કરનાર શખસ અંગે પોલીસની તપાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રૈયારોડ પર યુવક પર છરી વડે હુમલાના બનાવમાં ગાંધીગ્રામ પોલીસે સગીર સહીત પાંચ આરોપીઓની અટકાયત કરી હતી. જેમા પોલીસ મથકમાં બાળ આરોપીના વાળ ખેંચી કાઢી અનુમાષી સજા આપવાના બનાવમાં પોલીસે સફાઈ કામદાર અને પોલીસમેન સામે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી જેમા સફાઈ કામદાર બાદ પોલીસમેનની પણ ધરપકડ કરી તેની પુછતાછ કરતા તેને વિડીયો ઉતાર્યો હતો પરંતુ વાયરલ નહી કર્યાનુ રટણ કરતા પોલીસે વિડીયો વાયરલ કરનાર વધુ



એક આરોપીની શોધખોળ કરી છે. ગાંધગ્રામ પોલીસ મથકમાં બાળ આરોપીને જીવતા વાળ ખેંચી કાઢી નાખતો હોવાના બનાવનો વિડીયો વાયરલ થયો હતો જે બનાવમાં પોલીસ કમીશનરએ તપાસના આદેશો આપ્યા હતા.જેની તપાસમાં ગાંધીગ્રામ પોલીસમાં સફાઈ કામદારે બાળ આરોપીના વાળ ખેંચી કાઢયા હોવાનુ અને તેનો વિડીયો કોન્સટેબલે ઉતાર્યો હોવાનુ બહાર આવતા પોલીસે સગીરની દાદીની ફરીયાદ પરથી સફાઈ કામદાર શૈલેષ ચૌહાણ અને કોન્સટેબલ પ્રદીપ આયદાનભાઈ ડાંગર સામે ગુનો નોધી સફાઈ કામદાર શૈલેષની ધરપકડ કર્યા બાદ કોન્સટેબલ પ્રદીપની પણ ધરપકડ કરી હતી.

પોલીસની પુછતાછમાં પોલીસમેન પ્રદીપએ જણાવ્યુ હતુ કે બાળ આરોપીના વાળ ખેંચવાના બનાવનો વિડીયો તેને જ ઉતાર્યો હતો પરંતુ તેને આ વિડીયો વાયરલ નહી કર્યો હોવાનુ રટણ કરતા પોલીસે તેનો મોબાઈલ કબજે કરી આ વિડીયો કોને વાયરલ કર્યો? તે સહીતની તપાસ હાથ ધરી છે.

# શાપર વેરાવળમાં રૂા.૩૩.૨૦ લાખના ચેક રિટર્ન કેસમાં પેઢીના ભાગીદારને બે વર્ષની કેદ

## ચેકની રકમ રૂા.૩૩.૨૦ લાખ ૬૦-દિવસમાં ચુકવી આપવામાં કસુરવાર ઠરે તો વધુ છ માસની જેલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાપર વેરાવળની કિચનવેર પેઢીમાંથી માલ ખરીદી પેટે આપેલો રૂપિયા ૩૩.૨૦ લાખનો ચેક રિટર્ન થવાના કેસમાં પ્રાંતિજની વેપારી પેઢીના ભાગીદારને અદાલત બે વર્ષની કેદ અને ચેકની રકમ બે માસમાં ફરિયાદી પેઢીને ન ચૂકવે તો વધુ છ માસની જેલસજા ભોગવવાનો હુકમ કર્યો છે આ કેસની હકીકત મુજબ, વેરાવળ સાપર ઔદ્યોગિક વિસ્તારમાં આવેલ બ્લોસોમ કિચનવેર પ્રા.લી.માંથી નિજાનંદ ઈન્ડસ્ટ્રીઝ પેઢીના ભાગીદાર રોહીતભાઈ પટેલ (ઠે. મુ. દાલપુર, પ્રાંતીજ, સાબરકાંઠા)એ પોતાની જરૂરીયાત મુજબનો માલ ખરીદ કરેલ હતો, અને જે તે સમયે તે અંગેના બિલો પૈકીના રૂા. ૩૩.૨૦ લાખનો નિજાનંદ ઈન્ડસ્ટ્રીઝનો ચેક તારીખ ૨૦/૯/૨૦૨૩ ના આરોપી રોહીત પટેલે આપ્યો હતો.

જે ચેક બ્લોસમ કિચન વેરના ભાગીદાર દ્વારા ચેક ડીપોઝીટ કરાવતા પરત આવેલ. જેથી નોટીસ આપેલ તેમજ વ્હોટસએપ ઉપર પણ મોકલવા છતા નિંજાનંદ ઈન્ડસ્ટ્રીઝના ભાગીદાર રોહીત પટેલે રકમ ચુકવેલ નહી જેથી ફરીયાદી બ્લોસોમ કિચનવેર પ્રા.લી. વતી યશ પી. રાઠોડે કોટડા સાંગાણી કોર્ટમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તળે ફરીયાદ દાખલ કરી હતી.ટ્રાયલ કોર્ટમાં આ કેસ ચાલી જતા ફરીયાદ પક્ષની લેખીત તથા મૌખીક દલીલો ધ્યાને લઈ આરોપી નિજાનંદ ઈન્ડસ્ટ્રીઝના ભાગીદાર રોહીતભાઈ પટેલને તકસીરવાર ઠરાવી બે વર્ષની સાદી કેસની સજા તથા રૂા.૩૩,૨૦,૩૯૯ ચેકની રકમ વળતર પેટે ૬૦-દિવસમાં ચુકવી આપવામાં કસુર કરે તો વધુ છ માસની સાદી કેસની સજા ભોગવવાનો હુકમ કરેલ છે. આ કેસમાં ફરીયાદી કંપની વતી રાજકોટના એડવોકેટ બીનેશ એચ. પટેલ તથા રાજેશ એચ. પટેલ રોકાયા હતા.

# ઈન્સ્ટાગ્રામ મારફતે સગીરાને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચે શખ્સે દુષ્કર્મ આચર્યુ

## બે માસ પૂર્વે પરિચય કેળવી સગીરાને ભગાડી ગયો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં વધતી જતી ગુનાખોરી વચ્ચે દુષ્કર્મના બનાવોમાં પણ વધારો થયો છે. ત્યારે વધુ એક બનાવમાં સોશ્યલ મીડીયા મારફતે શખસે સગીરા સાથે પરિચય કેળવી બાદમાં લગ્નની લાલચ આપી પોતાના ગામે લઈ જઈ અવાર નવાર દુષ્કર્મ આચર્યાની પોલીસ ચોપડે ફરિયાદ નોંધાઈ છે.

જામનગર રોડ પર આવેલા એક વિસ્તારમાં રહેતી સગીરાને બે માસ પૂર્વે ઇન્સ્ટાગ્રામ મારફતે પરીચયમાં આવેલા શખસે પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી અપહરણ કરી કોટડાનાયાણી ગામે મકાનમાં લઈ જઈ અવાર નવાર દુષ્કર્મ આચર્યાની સગીરાના પિતાએ ફરિયાદ કરતા



યુનિ.પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.


આ અંગેની માહિતી મુજબ જામનગર રોડ પર એક વિસ્તારમાં રહેતી સગીરાને બે માસ પૂર્વે ઈન્સ્ટાગ્રામ મારફતે કોટડાનાયાણી ગામે રહેતો વિશાલ ભરતભાઈ માંસુરીયા સાથે પરિચય થયો હતો.ત્યારબાદ બન્ને વચ્ચે ફોન નંબરની આપ-લે થયા બાદ બન્ને વાતો કરતાં હોય બાદમાં બન્ને વચ્ચે પ્રેમસંબંધ બંધાયા હતા.દરમ્યાન બન્ને એકબીજાને જાહેરમાં મળતા પણ હતા.ગત.તા.૨૮/૯ ના રોજ વિશાલ નામનો શખસ સગીરાને ભગાડી જઈ પોતાના ઘરે કોટડાનાયાણી ગામે લઈ જઈ અવાર નવાર સગીરાની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચર્યાનું જણાવતા પીએસઆઈ કારેથાએ પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપી વિશાલની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

# માતાજીના માંડવાના નામે પઠાણી ઉઘરાણીથી કંટાળી ચુવાને ઝેર પીધું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં નવાગામ ખોડલધામ સોસાયટી માં રહેતા અલ્પેશભાઈ તુલસીભાઈ ડાભી ઉંમર વર્ષ ૩૮ વર્ષે યુવાને જુના મોરબી રોડ લાલપરી સ્મશાન પાસે હતા ત્યારે ઝેરી દવાના ટુકડાઓ ખાઈ લેતા બાદ તેમના મિત્ર વિશાલભાઈને ફોન કરીને જાણ કરતા ૧૦૮ મારફતે રાજકોટ સિવિલ હોસિપટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા આ અંગે પરિવાર સાથે વાતચીતમાં જાણવા મળેલ કે અલ્પેશભાઈ પોતે આરટીઓ કામ કરતા હોય અને રેપિડમા બાઈક ચલાવતા હોય તેમના મિત્ર નિલેશભાઈ નટુભાઈ હીરપરા સાથે ૬ માસ પહેલા થી સંબંધ હતો અને આ નિલેશભાઈ ની પત્ની ખુશીબેન ને અલ્પેશભાઈએ બેન બનાવેલ હતા.

અવાર નવાર પૈસા ની મદદ અલ્પેશભાઈ કરતા છ માસ પહેલાં મોગલ માતાજી ની માંડવો કરેલ જેમાં આશરે ૪ થી ૫ લાખ નો ખર્ચ થયેલ નફો અને નુકશાન બંને વ્યક્તિ ભાગ એવું નક્કી થયેલ હતું જે ગૂગલ પે વહીવટ કરેલ હતો જેમાં ૪ લાખ નું નુકશાન અલ્પેશભાઈ થયેલ જેમાં પૈસા નિલેશભાઈ આપેલ હતા જેથી આ નિલેશભાઈ અને તેમની પત્ની ખુશીબેન લાલચ આવી ને આશરે છેલ્લા ૧૦ દિવસથી ૨૦ લાખ આપવા દબાણ કરી રહ્યા હતા અને જો પૈસા નહીં આપ તો તને બદનામ કરી નાખશું નોકરી માંથી કઢાવી નાખશું, ખેતર પડાવી લેશું, અને નિલેશભાઈ ની પત્ની પણ વોટ્સએપ કોલ કરી અને મેસેજ કરી ને પૈસાની ધમકી અપાતા હતા અને નિલેશભાઈ અને તેના પત્ની ખુશી બેન અગાઉ પણ



રાયપુર ના અનેક લોકો પાસે ખોટી રીતે ફસાવી પૈસા પડાવ્યા હતા અને તેમજ કોઈ એડવોકેટ દ્વારા ૨૦ લાખ માં સમાધાન કરવા દબાણ કર્યું હોય આ બાબતે અલ્પેશભાઈ પોલીસ કમિશનર ને અને બી ડિવિઝન પોલીસ સ્ટેશન માં લેખિત ફરિયાદ આપો નહીંતર મહિલા પોલીસ સ્ટેશન, ક્રાઈમબ્રાંચ, ફિટ કરી દેવા ૧/૧૦/૨૦૨૫ ના રોજ કરેલ હોવા છતાં કોઈ કાર્યવાહી ન થતા અને ગઈ કાલે જકાત નાકા પાસે નિલેશભાઈ હીરપરા અને અન્ય મિત્ર દ્વારા રોકી ને પૈસા માટે દબાણ કર્યું હતું અને તું ઉભો એ પ્રેસ વાળા ને બોલવું અને મામા એટલે પોલીસ ને બોલવું દબાણ કર્યું જેથી માનસિક ત્રાસની મજબૂરી થી દવા પીધી હોવા નું પરિવાર અને અલ્પેશભાઈ ની પત્ની દ્વારા માહિતી આપેલ હતી તેવું જાણવા મળેલ છે.

# માંડા ડુંગરમાં પતિ સાથે ઝઘડો થતાં પત્નીએ સિંદૂર ગટગટાવ્યુ

## અન્ય ઘટનામાં પતિ સાથે ઝઘડો થતાં પત્નીને ઈજા; સારવારમાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં આજીડેમ ચોકડી પાસે આવેલ માંડા ડુંગરમાં રહેતા દંપતિ વચ્ચે ઝઘડો થતાં પરિણીતાએ સિંદૂર પી લીધુ હતું. પરિણીતાની તબીયત લથડતા સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ અંગે ની જાણવા વિગત મુજબ આજીડેમ ચોકડી પાસે આવેલ માંડા ડુંગરમાં રહેતી રૂમંદિવી અનિલભાઇ શાહની નામની ૨૭ વર્ષની પરિણીતાને નજીવા પ્રશ્ને પતિ સાથે ઝઘડો થતાં સિંદૂર પી લીધુ હતું. પરિણીતાને તબીયત લથડતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવી હતી. બીજા બનાવમાં માંડા ડુંગર વિસ્તારમાં આવેલા ગોકુલપાર્કમાં રહેતી કિરણબેન મયુરભાઈ નામની ૩૦ વર્ષની પરિણીતાને રાત્રીના સમયે પતિ સાથે ઝઘડો થયો હતો. જે ઝઘડામાં કિરણબેનને ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. ઉપરોકત બંને બનાવ અંગે આજીડેમ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પરાપીપળામાં જૂની અદાવતના સમાધાનમાં બઘડાટીઃ બે યુવક ઘવાયા

## બંને પક્ષે છરી અને ધારીયા વડે મારામારી કરનાર ૭ શખ્સો વિરૂધ્ધ સામસામી ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે પરાપીપળા ખાતે માછલી પકડવા મુદ્દે થયેલી બોલાચાલીના ઝઘડાના સમાધાન માટે લોહાનગરમાં ભેગા થયેલા બે પરિવાર વચ્ચે છરી ધારીયા વડે માર-ામારી થઈ હતી. જેમાં બે યુવકને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જાહેર મારામારી કરનાર ૭શખ્સો વિરૂધ્ધ સામસામી ફરિયાદ નોંધાઈ છે.



આ અંગે ની જાણવા વિગત મુજબ ગોંડલ રોડ ઉપર લોહાનગરમાં રહેતા રામુ ધરમશીભાઈ મક વાણા (ઉ.વ.૨૬) પોતાના ઘર પાસે હતો ત્યારે રાજન તેનો ભાઈ રાજ અને અર્જુન તેમજ તેના પિતા દિનેશભાઈએ ઝઘડો કરી છરી વડે હુમલો કર્યો હતો. જયારે વળતા પ્રહારમાં રાજન દિનેશભાઈ કાવેઠીયા (ઉ.વ.૧૮)ઉપર કિશન ઉર્ફે રાજુ, બેજુ અને રામુ મકવાણાએ ધારીયા વડે મારમાર્યો હતો. હુમલામાં ઘવાયેલા રામુ મકવાણા અને રાજન કાવેઠીયાને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક પૂછ પરછમાં પરાપીપળા ખાતે માછલી પકડવા મુદ્દે થયેલી બોલાચાલીના સમાધાન માટે ભેગા થતા ફરી ઝઘડો થયો હતો. જેમાં સામસામી મારામારી કરનાર ૭શખ્સો વિરૂધ્ધ સામ સામી ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદના આધારે એડિવિઝન પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.